વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ સુદ ૧૨ ● તારીખ : ૧૭ ઓગસ્ટ ૨૦૨૪, શનિવાર ● વર્ષ : ૧૬ ● અંક : ૪૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ ● અમદાવાદ ● કિંમત : રૂા. ૨.૦૦ ● પાના : ૮
RNI Reg. No. GUJGUJ/2009/28886
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત





### વડાપ્રધાન મોદીએ ૧૧મી વખત દિલ્હીના લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો

# વડાપ્રધાને ભારતને ફરી સોને કી ચિડિયા બનાવવા સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

સમગ્ર ભારત દેશમાં ૭૮મો સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧મી વખત દિલ્હીના લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો છે. પંચરંગી પાઘડી પહેરીને વડા પ્રધાન મોદીએ લાલ કિલ્લાની કિલ્લા પરથી વર્ષ ૨૦૪૭ સુધીમાં વિશ્વ સમક્ષ ભારતનું વિઝન રજૂ કર્યું હતું. વર્ષ ૨૦૪૭માં ભારત આઝાદીની ૧૦૦મી વર્ષગાંઠની ઉજવણી કરશે અને ત્યાં સુધીમાં વડાપ્રધાને ભારતને ફરીથી સોને કી ચિડિયા બનાવવા સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમના ભાષણમાં તેમણે બાળકો, મહિલાઓ, છોકરીઓ, યુવાનો, વૃદ્ધો, સેના, ખેડૂતો વગેરે સહિત સમાજના દરેક વર્ગનો ઉલ્લેખ કર્યો હતો. તેમની સરકારના આગામી ૫ વર્ષ માટેના લક્ષ્યોની રૂપરેખા રજૂ કરી હતી. તેમણે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે દેશવાસીઓનો સહયોગ પણ માંગ્યો હતો. PM મોદીએ તેમના ભાષણમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારીનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આજે ભારતની મહિલાઓ ઈનોવેશન, ટેક્નોલોજી, રોજગાર, એરફોર્સ, આર્મી, નેવી, સ્પેસ સેક્ટરમાં પોતાની પ્રતિભા બતાવી રહી છે. આ સાથે જ તેમણે મહિલાઓ વિરુદ્ધ વધી રહેલા ગુનાઓ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે માતાઓ અને બહેનો સામે ગુનાઓથી રોષ જોવા મળ્યો છે. ગુનો કરનારા પાપીઓને સજા થાય, તેમને ફાંસીએ લટકાવવામાં આવે, આ ડર ઉભો કરવો પડશે.

વડાપ્રધાન મોદીએ પોતાના ભાષણમાં આગામી ૫ વર્ષમાં મેડિકલ કોલેજોમાં ૭૫ હજાર બેઠકો વધારવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે હવે દેશના યુવાનોને મેડિકલ શિક્ષણ માટે દેશની બહાર જવું નહીં પડે. મેડિકલ રિસર્ચ પર એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં લગભગ એક લાખ મેડિકલ સીટમાં વધારો કરવામાં આવ્યો હતો અને આગામી ૫ વર્ષમાં ૭૫,૦૦૦ સીટ વધારીને અમે યુવાનોને ભારતમાં રહીને મેડિકલ કોર્સ કરવાની તક આપીશું.

વધુમાં કહ્યું કે તાજેતરમાં પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ સમાપ્ત થયું છે. જેમાં ભારતીય ખેલાડીઓએ સારુ પ્રદર્શન કર્યું છે, અને મેડલ પણ જીત્યા છે. ભારત ઓલિમ્પિક ૨૦૩૬ની યજમાની કરવા માંગે છે. મોદી સરકાર આ માટે તૈયારી કરી રહી છે. ઓલિમ્પિક એસોસિએશન સાથે વાત કરીને આ લક્ષ્યાંક હાંસલ કરવાના પ્રયાસો કરવામાં આવશે. છૈં ટેક્નોલોજીનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાન મોદીએ ગેમિંગ ઈન્ડસ્ટ્રીને ઈન્ટરનેશનલ લેવલ પર લઈ જવાનું વચન આપ્યું હતું. આજે દેશમાં જ રમકડાં બને છે, જે હાઈટેક બની ગયા છે. ભારત એક વિશાળ ગેમિંગ ઈન્ડસ્ટ્રી પણ ધરાવે છે. AI ટેક્નોલોજીએ આ ઉદ્યોગને નવો આકાર આપ્યો છે. તેથી, અમે ભારતમાં બનેલા રમકડાં અને ગેમિંગને સમગ્ર વિશ્વમાં લઈ જઈશું. વડાપ્રધાન મોદીએ ભાષણમાં સેક્યુલર સિવિલ કોડનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે દેશમાં કોમ્યુનલ સિવિલ કોડ હજુ પણ અમલમાં છે, જેને સેક્યુલર સિવિલ કોડમાં બદલવાનો પ્રયાસ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે UCC વિશે પણ વાત કરી છે. સરકારને આ મુદ્દા પર વિચાર કરવા માટે કહેવામાં આવ્યું છે, જેથી દેશને ધાર્મિક ભેદભાવના વલણમાંથી મુક્તિ મળી શકે. વન નેશન વન ઈલેક્શનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ચૂંટણી કરાવવામાં ઘણો સમય લાગે છે. ઘણા મહિનાઓ સુધી ચાલતી લાંબી પ્રક્રિયાને અનુસરવી પડે છે. તેને ખતમ કરવા માટે મોદી સરકારે સમગ્ર દેશમાં વન ઈલેક્શન કરાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. જેના માટે એક કમિટી બનાવવામાં આવી હતી, જેના માટે તૈયાર રિપોર્ટમાં કરાયેલી ભલામણોને અમલમાં મૂકવાના પ્રયાસો કરવામાં આવશે.

વડાપ્રધાન મોદીએ પોતાના ભાષણમાં ગ્રીન જોબ્સનું લક્ષ્ય નક્કી કર્યું હતું. તેમણે કહ્યું કે દેશમાં ગ્રીન જોબ્સનું કલ્ચર વધ્યું છે. સરકારનું ધ્યાન ઈલેક્ટ્રિક વાહનો, ગ્રીન હાઈડ્રોજન, નેટ ઝીરો એમિશન પર છે. આ સાથે દેશના યુવાનોને ગ્રીન જોબ મળશે અને દેશ પર્યાવરણ સંરક્ષણની દિશામાં આગળ વધશે. કૃષિ ક્ષેત્રને ૨૦૪૭ના વિકસિત ભારતનો મહત્વપૂર્ણ ભાગ ગણાવ્યો હતો. તેમણે કૃષિ ક્ષેત્રમાં સુધારાનો સંકલ્પ કર્યો અને લક્ષ્યો નક્કી કર્યા છે. કૃષિ ક્ષેત્રને જૂની પરંપરાઓમાંથી મુક્ત કરવામાં આવશે. આજે નવી ટેકનોલોજી દ્વારા ખેડૂતોને લોન આપવામાં આવી રહી છે. એન્ડ ટુ એન્ડ હોલ્ડિંગ આપવામાં આવી રહ્યું છે, જેથી ઓર્ગેનિક ફૂડ ઉદ્યોગને પ્રોત્સાહન મળી શકે.

## ભારતને ૭૮માં સ્વતંત્રતા દિવસ પર વિશ્વભરમાંથી અભિનંદન મળ્યા

### ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સહિત ઘણા દેશોના નેતાઓએ ભારતના લોકોને અભિનંદન સંદેશ મોકલ્યા છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

વિશ્વભરના દેશોએ પણ ભારતને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી. ળાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સહિત ઘણા દેશોના નેતાઓએ ભારતના લોકોને અભિનંદન સંદેશ મોકલ્યા છે. ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ ટ્વિટર પર કહ્યું, "ભારતની સરકાર અને લોકોને સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ! ભૂટાન અને ભારત વચ્ચેની વિશેષ મિત્રતા વધુ મજબૂત બને." ૧૫મી ઓગસ્ટે દેશ પોતાનો ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧મી વખત લાલ કિલ્લા પરથી ધ્વજ ફરકાવ્યો હતો. વિશ્વભરના દેશોએ પણ ભારતને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી. ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સહિત ઘણા દેશોના નેતાઓએ ભારતના લોકોને અભિનંદન સંદેશ મોકલ્યા છે."તેમને જાન્યુઆરીમાં ભારતની મુલાકાત દરમિયાન મળેલું ઉષ્માભર્યું સ્વાગત યાદ છે અને અમારી વ્યૂહાત્મક ભાગીદારી માટે નિર્ધારિત મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો હાંસલ કરવા માટે તેમના મિત્ર નરેન્દ્ર મોદી સાથે કામ કરવા માટે ઉત્સુક છે," ફ્રેન્ચ રાષ્ટ્રપતિ મેક્રોને ટ્વિટર પર લખ્યું.રશિયાના રાષ્ટ્રપતિ પુતિને ભારતના સ્વતંત્રતા દિવસના અવસર પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન સંદેશ મોકલ્યો હતો. પુતિને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "મને વિશ્વાસ છે કે મોસ્કોમાં અમારી તાજેતરની વાટાઘાટો પછી થયેલા કરારોનો સતત અમલીકરણ બહુપરીમાણીય રશિયન-ભારતીય સહયોગના વધુ વિકાસમાં ફાળો આપશે."ઈટાલીના વડાપ્રધાન મેલોનીએ પીએમ મોદી સાથેનો ફોટો શેર કરતા લખ્યું કે, "૭૮માં સ્વતંત્રતા દિવસના અવસર પર, હું ભારતીય લોકોને અને ખાસ કરીને આ પેજને ફોલો કરનારા ઘણા ભારતીયોને મારી હાર્દિક શુભેચ્છાઓ વ્યક્ત કરવા માંગુ છું. ઈટાલી અને ભારતનો અમારો મજબૂત સંબંધ છે અને મને ખાતરી છે કે અમે સાથે મળીને સારા પરિણામો પ્રાપ્ત કરીશું. નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી અને ભારતના લોકોને ૭૮માં સ્વતંત્રતા દિવસ પર હાર્દિક અભિનંદન! આ દિવસ આપણા દેશો વચ્ચે મિત્રતા અને સહયોગના બંધનને મજબૂત બનાવે. નેપાળ-ભારત સંબંધો. આગળ વધવા માટે આગળ."ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ ટ્વિટર પર કહ્યું, "ભારતની સરકાર અને લોકોને સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ! ભૂટાન અને ભારત વચ્ચેની વિશેષ મિત્રતા વધુ મજબૂત બને."માલદીવના પ્રમુખ ડૉ. મોહમ્મદ મુઈઝુએ કહ્યું કે જેમ જેમ આપણે ભવિષ્ય તરફ નજર કરીએ છીએ, મને વિશ્વાસ છે કે અમારી ભાગીદારી વધુ મજબૂત બનશે, જે પરસ્પર સમૃદ્ધિ અને વહેંચાયેલ લક્ષ્યો તરફ દોરી જશે."શ્રીલંકાના વિદેશ પ્રધાન એમયુએમ અલી સાબરીએ જયશંકર અને સરકાર અને ભારતના લોકોને ઉષ્માભર્યું શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે, "મને વિશ્વાસ છે કે અમારા દેશો વચ્ચેના ઉત્તમ દ્વિપક્ષીય સંબંધો આગામી વર્ષોમાં વધુ મજબૂત બનશે." મોરેશિયસના વડા પ્રધાન પ્રવિંદ કુમાર જુગનાથ, ટ્વિટર પર પોસ્ટ કરેલા તેમના શુભેચ્છા સંદેશમાં, મોદી અને ભારતના લોકોને ઉષ્માભર્યું શુભેચ્છા પાઠવી હતી અને મોરેશિયસ-ભારત સંબંધો જીવંત અને સદા સમૃદ્ધ બને તેવી શુભેચ્છા પાઠવી હતી.



### મને આશા હતી જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી થશે, હું પણ ચૂંટણી લડીશ

**। જમ્મુ, તા.૧૬ ।**

જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ ચૂકી છે, ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે. પહેલા તબક્કાનું મતદાન ૧૮મી સપ્ટેમ્બર, બીજા તબક્કાનું મતદાન ૨૫મી સપ્ટેમ્બર અને ત્રીજા તબક્કાનું મતદાન પહેલી ઓક્ટોબરે થશે. પરિણામ ચોથી ઓક્ટોબરે જાહેર થશે. અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા બાદ પહેલીવાર જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે જેને ઐતિહાસિક ચૂંટણી માનવામાં આવી રહી છે. જેને લઈને તમામ રાજકીય પક્ષો સક્રિય થઈ ગયા છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે હું હંમેશાથી અપેક્ષા રાખતો હતો કે ચૂંટણી યોજાશે, રાજ્યમાં સરકાર બન્યાને વર્ષો થઈ ગયા છે.

### હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર

## જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં જ્યારે હરિયાણામાં એક જ રાઉન્ડમાં મતદાન થશે

**હરિયાણામાં ૧લી ઓક્ટોબરે એક જ રાઉન્ડમાં મતદાન યોજવામાં આવશે**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

**જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીનો કાર્યક્રમ**

પ્રથમ તબક્કાનું મતદાન- ૧૮ સપ્ટેમ્બર (૨૪ સીટ)
બીજા તબક્કાનું મતદાન- ૨૫ સપ્ટેમ્બર (૨૬ સીટ)
ત્રીજા તબક્કાનું મતદાન- ૧ ઓક્ટોબર (૪૦ સીટ)
ચૂંટણી પરિણામ- ૪ ઓક્ટોબર

**હરિયાણા વિધાનસભા કાર્યક્રમ**

હરિયાણામાં કુલ એક તબક્કામાં ૯૦ સીટો પર મતદાન થશે. ૧ ઓક્ટોબરે હરિયાણામાં મતદાન યોજાશે. જ્યારે ૪ ઓક્ટોબરે ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવશે.

હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની આજે શુક્રવારે જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણીપ ંચે પત્રકાર પરિષદ યોજીને ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી છે. જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં મતદાન યોજાશે જ્યારે હરિયાણામાં એક જ રાઉન્ડમાં મતદાન થશે. બંનેના ચૂંટણી પરિણામો ૪ ઓક્ટોબરે એક સાથે જાહેર કરવામાં આવશે. જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ રાઉન્ડ માટે નોટિફિકેશન ૨૦મીએ જાહેર થશે અને ૧૮મી સપ્ટેમ્બરે મતદાન થશે. બીજા તબક્કાનું મતદાન ૨૫ સપ્ટેમ્બરે અને ત્રીજા તબક્કાનું મતદાન ૧ ઓક્ટોબરે હાથ ધરવામાં આવશે. હવે હરિયાણાની વાત કરવામાં આવે તો અહીં ૧લી ઓક્ટોબરે એક જ રાઉન્ડમાં મતદાન થશે અને જમ્મુ-કાશ્મીરની સાથે ૪ તારીખે પરિણામ જાહેર થશે. હરિયાણામાં મતદારોની અંતિમ યાદી ૨૭ ઓગસ્ટે જાહેર કરવામાં આવશે. રાજ્યમાં ૨.૧ કરોડ મતદારો મતદાન કરશે. રાજ્યમાં કુલ ૨૦ હજાર ૬૨૯ મતદાન મથકો હશે. ઝઈઝ રાજીવ કુમારે કહ્યું કે, આ વખતે અમે બહુમાળી ઈમારતોમાં પણ પોલિંગ બૂથ બનાવીશું. આ સિવાય સ્લમ વિસ્તારોમાં પણ આ કરવામાં આવશે. ગુરુગ્રામ, ફરીદાબાદ અને સોનીપતમાં આવું કરવાની જરૂર હતી, જેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. તમામ બૂથમાં પાણી, શૌચાલય, રેમ્પ, વ્હીલચેર જેવી વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવશે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. બંને રાજ્યોમાં ૯૦-૯૦ સીટો પર વિધાનસભા ચૂંટણીમાં મતદાન થશે. જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં મતદાન થશે. ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારનું કહેવું છે કે હરિયાણામાં બે કરોડથી વધુ મતદાતા છે. ૯૦માંથી ૭૩ સીટો સામાન્ય છે. હરિયાણામાં ૨૭ ઓગસ્ટે મતદાતાની યાદી જાહેર થશે. હરિયાણામાં ૨૦ હજાર ૨૬૯ પોલિંગ સ્ટેશન છે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, કાશ્મીરના યુવાનોમાં ચૂંટણીને લઈને ઉત્સાહ છે. અમે ૨૦ ઓગસ્ટે જમ્મુ-કાશ્મીરમાં મતદાર યાદી જાહેર કરીશું. ત્યાંના લોકો ચિત્રમાં બદલાવ જોવા માંગે છે. જમ્મુ-કાશ્મીરમાં ૧૧,૮૩૮ મતદાન મથકો બનાવવામાં આવશે.

## ૩૭ વર્ષની વયે થાઈલેન્ડના વડાંપ્રધાન બન્યા શિનાવાત્રા

**। (એજન્સી) બેંગકોક, તા.૧૬ ।**

થાઈલેન્ડની સંસદે પૈતોંગતાર્ન શિનાવાત્રાને વડાંપ્રધાન પદ માટે પસંદ કર્યા છે. તેઓ દેશના સૌથી યુવાન વડાંપ્રધાન છે. ૨ દિવસ પહેલાં જ થાઈલેન્ડની સુપ્રીમ કોર્ટે વડાપ્રધાન શ્રેથા થાવિસિનને પદ પરથી બરતરફ કરી દીધાં હતાં. તેમની પર નૈતિક નિયમોનું ઉલ્લંઘન કરીને એક પૂર્વ ગુનેગારની કેબિનેટમાં નિમણૂક કરવાનો આરોપ હતો. ૩૭ વર્ષના પેતોંગતાર્ન થાઈલેન્ડના પૂર્વ વડાંપ્રધાન થાકસિન શિનાવાત્રાની સૌથી નાના દીકરી છે. તેમના પિતા સિવાય તેમના કાકી યિંગલક પણ થાઈલેન્ડના વડાંપ્રધાન રહી ચૂક્યાં છે, તેઓ દેશના સૌથી યુવાન અને બીજા મહિલા વડાંપ્રધાન છે.

શિનાવાત્રા પોતાના પરિવારના ત્રીજા સભ્ય છે જે આ પદ સુધી પહોંચ્યા છે. તેમના પિતા થાકસિન શિનાવાત્રા ગયા વર્ષે જ ૧૫ વર્ષના દેશનિકાલ બાદ દેશ પરત ફર્યા હતાં. થાકસિનને વર્ષ ૨૦૦૧માં પહેલી વખત થાઈલેન્ડના વડાંપ્રધાન પસંદ કરવામાં આવ્યા હતાં પરંતુ ૨૦૦૬માં તખ્તાપલટ બાદ તેમનો દેશનિકાલ થઈ ગયો. થાઈલેન્ડના રાજકારણમાં પેતોંગતાર્ન ખૂબ લોકપ્રિય છે. ગત ચૂંટણીઓમાં પણ તેમણે ગર્ભવતી હોવા છતાં ખૂબ પ્રચાર કર્યો હતો.

## શેરબજારમાં રોકાણકારોને આનંદો, સેન્સેક્સમાં ૧૪૦૦ પોઈન્ટનો ઉછાળો

**। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।**

શેરબજારમાં છેલ્લા ૩ ટ્રેડિંગ સેશનમાં શુષ્ક માહોલ બાદ આજે ફરી આકર્ષક તેજી જોવા મળી છે. સેન્સેક્સ આજે ૧૪૧૨.૩૩ પોઈન્ટ ઉછળ્યો છે, જ્યારે નિફ્ટી પણ ૨૪૫૦૦ની સાયકોલોજિકલ સપાટીએ પરત ફર્યો છે. સપ્તાહના અંતે આજે સેન્સેક્સ ૧૩૩૦.૯૬ પોઈન્ટ ઉછાળા સાથે ૮૦૪૩૬.૮૪ પર અને નિફ્ટી ૩૯૭.૪૦ પોઈન્ટ ઉછળી ૨૪૫૪૧.૧૫ પર બંધ રહ્યો હતો. આ સાથે રોકાણકારોની મૂડી ૭ લાખ કરોડ વધી છે. આઈટી-રિયાલ્ટી, બેન્કિંગ, પીએસયુ શેર્સમાં લેવાલીનું પ્રમાણ વધ્યું છે. સાર્વત્રિક તેજીના માહોલ સાથે આજે ૩૨૫ શેર્સમાં અપર સર્કિટ વાગી હતી. તેમજ ૨૦૨ શેર્સ વર્ષની નવી ટોચે પહોંચ્યા હતા.

બીએસઈ પર કુલ ટ્રેડેડ ૪૦૩૬ શેર્સ પૈકી ૨૪૫૯ શેર્સ ગ્રીન ઝોનમાં, ૧૪૭૦ શેર્સ રેડ ઝોનમાં બંધ રહ્યા હતા. સેન્સેક્સ પેકની ૩૦ સ્ક્રિપ્સ પૈકી સનફાર્મા સિવાય તમામ ૨૯ શેર્સમાં ૪ ટકા સુધી ઉછળ્યા હતા. જેમાં ટેક મહિન્દ્રા ૪.૦૨ ટકા, ટાટા મોટર્સ ૩.૪૭ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૪૫ ટકા, ટીસીએસ ૨.૯૧ ટકા, એચસીએલ ટેક્. ૨.૬૫ ટકા ઉછળ્યો હતો. સન ફાર્મા ૦.૦૩ ટકા ઘટાડે બંધ રહ્યો હતો.

# શ્રી શ્રી ઈન્સ્ટિટ્યૂટ ઓફ એગ્રિકલ્ચર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ટ્રસ્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિ શિબિર યોજાઈ

## ઓછા ખર્ચે ખેતી, દેશી બીજનું સંરક્ષણ અને અભિવૃદ્ધિ, સામુદાયિક ખેતી સહિતના વિષયો પર ખેડૂતોને માર્ગદર્શન અપાયું



। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ જીલ્લા બેંક ખાતે જિલ્લાભરના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. શ્રી શ્રી ઈન્સ્ટિટ્યૂટ ઓફ એગ્રિકલ્ચર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ટ્રસ્ટના સહયોગથી યોજાયેલી આ શિબિરમાં અમદાવાદ જિલ્લાના તમામ તાલુકાઓમાંથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક કૃષિ સંગઠન સાથે જોડાયેલા અને સ્વતંત્ર રીતે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ઓછા ખર્ચે ખેતી, દેશી બીજનું સંરક્ષણ અને અભિવૃદ્ધિ, સામુદાયિક ખેતી, માટી સંરક્ષણની પદ્ધતિઓ, ગ્રામ્ય અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન, સિંચાઈનું આયોજન સહિતના વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમમાં અમદાવાદ જિલ્લા બેંકના ચેરમેન શ્રી અજય પટેલ, પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી, હાલોલના વાઈસચેરમેન શ્રી સી.કે.ટિંબડિયા, અમદાવાદ જિલ્લાના એસ.પી.એન.એફના જિલ્લા સંયોજક શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલા, સહસંયોજક શ્રી શક્તિસિંહ વાઘેલા, ધંધુકા તાલુકાના સહ સંયોજક શ્રી મનહરસિંહ રાણા તેમજ અન્ય હોદેદારોએ હાજરી આપી હતી.

# ભરૂચ જીલ્લાના હાંસોટ ખાતે આન-બાન-શાન સાથે ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઇ



। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

ભરૂચ જિલ્લાના સ્વાતંત્ર્ય વીરો અને સંતોની તપોભૂમિ તરીકે ઓળખ ધરાવતાં હાંસોટ ખાતે આવેલા યશવંતરાય જીન કંપાઉન્ડ ખાતેથી જિલ્લા કલેક્ટર શ્રી તુષાર સુમેરાની ઉપસ્થિતિમાં જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહની આન-બાન-શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ગણવેશધારી પોલીસ દળના જવાનોએ રાષ્ટ્રગીતની સૂરાવલીઓ વચ્ચે જિલ્લા કલેક્ટર શ્રીએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. જિલ્લા કલેક્ટર શ્રી ઉપસ્થિતિમાં પરેડનું નિરિક્ષણ કર્યું હતું. તેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા પોલીસવડા શ્રી મયુર ચાવડા જોડાયા હતા. આ અવસરે જિલ્લા કલેક્ટરશ્રીએ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીની સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. સ્વતંત્ર સંગ્રામમાં દેશ માટે આહૂતિ આપનાર તમામ વીરોને યાદ કર્યા હતા. સ્વાતંત્ર્યની ચળવળમાં અનેક આહૂતી અને લડાઈઓ બાદ આજનો પવિત્ર દિવસ આપણા નસીબમાં આવ્યો છે. ગુલામીના સંઘર્ષો બાદ આપણને આઝાદી મળી છે ત્યારે એ સંઘર્ષો આપણા જીવનના મૂલ્યો હોવા જ જોઈએ. આપણા દેશની અખંડિતાને આપણે સૌએ જાળવવી જોઈએ. મહામૂલી આઝાદીના એ સંઘર્ષ જ આપના મૂલ્યો છે, એટલે જ દેશના પાયાના સિદ્ધાંતને યાદ કરી, આપણે દેશ માટે ગર્વ લઈ શકીએ છીએ. હાંસોટના ઈતિહાસની વાત કરતા કહ્યું કે, માનવજાતની ઉત્પતિના રિસર્ચ થયા ત્યારે પાષાણ યુગના પણ રિસર્ચ કરવામાં આવ્યા હતા. ભરૂચ જિલ્લાના હાંસોટના જેતપુર ગામ ખાતે હડપ્પા સંસ્કૃતિના અવશેષો મળ્યા હતા. હડપ્પા સંસ્કૃતિ આજથી ૨૫૦૦ વર્ષ પહેલા હતી અને એ સંસ્કૃતિના અવશેષ આપણા જિલ્લામાંથી મળ્યા છે. આમ પાષાણ યુગથી હડપ્પા સંસ્કૃતિ અને સભ્યતાની વાત કરી ભરૂચ જિલ્લાના પાયામાં ભવ્ય ભૂતકાલીન ઈતિહાસ ભંડારાયેલો છે. હાંસોટ પાસે આવેલા પુરાણોમાં જેનો ઉલ્લેખ છે તેવા વમલેશ્વર તિર્થસ્થાનની વાત કહી તેનું મહાત્મય જણાવ્યું હતું. શિવ, બ્રહ્મા, વિષ્ણુની અનુભૂતી કરાવનાર સૂર્યકૂડ વિશે વાત કરી હતી. ભારતના સૌથી વધુ શિવાલયો ભરૂચ જિલ્લામાં આવેલા એમ પણ કહ્યું હતું. ભૃગુઋષિની તપોભૂમિ ભૃગુતીર્થ આજનું ભરૂચ બલિરાજાના સમયકાળ જેટલું પ્રાચીન અને ભગવાન વામનની અવતારી લીલાની યાદ તાજી કરાવે છે. ત્યારે હડપ્પા સંસ્કૃતિથી લઈ દેશની આઝાદી સુધીનો ઈતિહાસ ભવ્યતાથી વરેલો રહ્યો છે.

# માનવતાની સુવાસ ફેલાવવામાં પ્રાણીનું અનોખું યોગદાન



। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદના જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં એક નવજાતને જીવનદાન આપવા બદલ અમદાવાદના શીલજ વિસ્તારનાં રહેવાસી શ્રીમતી શ્વેતાબહેન યોગેશભાઈ પરમાર, અમદાવાદ ગ્રામ્ય પોલીસની ડોગ સ્કવોડના બેલ્જીયમ પ્રજાતિના ડોગ 'ચેસર' અને તેના હેન્ડલર ASI શ્રી ઈશ્વરભાઈ ડાહ્યાભાઈનું જિલ્લા કલેક્ટરશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. પોલીસના રેકોર્ડ પર નોંધાયેલી વિગતો અનુસાર અમદાવાદના શીલજ ગામના રોહિત વાસ નજીક આવેલા ઝાડી-ઝાંખરાંવાળી જગ્યામાંથી રડવાનો અવાજ સંભળાતાં શ્રીમતી શ્વેતાબહેન પરમાર હિંમત દાખવી ત્યાં પહોંચ્યાં. અહીંથી તેમને નાડ પણ કાપી ન હોય એવું નવજાત શિશુ મળી આવ્યું. સમય બગડ્યા વગર તેઓ સખત રડી રહેલા નવજાત શિશુને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયાં. હોસ્પિટલ પહોંચીને તેમણે પોલીસને પણ જાણ કરી. બોપલ પોલીસ મથકમાં આ ગુનો નોંધાયા બાદ પોલીસે શિશુ ત્યજી દેનાર મહિલાની શોધખોળ શરૂ કરી. જેમાં બેલ્જીયમ ડોગ 'ચેસર' અને ડોગ હેન્ડલર ASI ઈશ્વરભાઈ ડાહ્યાભાઈની મદદ લેવાઈ. તાલીમબદ્ધ શ્વાને ગુનેગાર મહિલાને પકડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. જેના પગલે ગુનો આચરનાર મહિલાને તેના અંજામ સુધી પહોંચાડી શકાઈ. આમ, શ્વેતાબહેન, ASI ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ તેમજ 'ચેસર'ના માનવતાભર્યા પ્રયાસોથી આજે એક શિશુના શ્વાસ અકબંધ છે. આ ઘટનાએ અન્ય નાગરિકોને પણ સાહસ, કરુણા અને માનવતાનો સંદેશ આપ્યો છે.

# દરિયા કિનારેથી ૧ કરોડ ૮૭ લાખની કિંમતનું અફઘાન હશીશ મળી આવ્યું

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

ગુજરાતની સુરત પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એ મંગળવારે હજીરા બીચ પરથી ૧.૮૭ કરોડ રૂપિયાની કિંમતનું ૩ કિલો ૭૫૪ કિલો અફઘાની હેશીશ જપ્ત કર્યુ છે. એસઓજીના જણાવ્યા અનુસાર, હજીરા વિસ્તારમાં આવેલી શેલ કંપનીની પાછળ ટાંકી નંબર ૧૦૦૧ અને ૧૦૦૨થી લગભગ ૫૦૦ મીટર દૂર દરિયા કિનારે નિર્જન વિસ્તારમાંથી હશીશના ત્રણ પેકેટ મળી આવ્યા હતા. અગાઉ ૨૦૨૩માં પણ એસઓજીની ટીમે દરિયા કિનારેથી અફઘાન હાશિશનો જંગી જથ્થો ઝડપ્યો હતો. પરંતુ બંને કેસમાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

# ગુજરાત હાઇકોર્ટ પરિસર ખાતે ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

## ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગરવાલના હસ્તે ધ્વજવંદન











। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ સ્થિત ગુજરાત હાઈકોર્ટના પ્રાંગણમાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગરવાલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન અને રાષ્ટ્રગાન સાથે ઉપસ્થિત સૌએ તિરંગાને સલામી અર્પી હતી. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના નામદાર ન્યાયમૂર્તિશ્રીઓ, નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રીઓ, એડવોકેટ જનરલશ્રી, એડિશનલ એડવોકેટ જનરલશ્રી, સરકારી વકીલશ્રીઓ, ન્યાયિક અધિકારીશ્રીઓ, સિનિયર એડવોકેટશ્રીઓ, ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના સભ્યશ્રીઓ તેમજ ગુજરાત હાઈકોર્ટનો કર્મચારીગણ સર્વે ઉજવણીમાં સામેલ થયા હતા.

# યુકેના લંડન શહેરમાં વસતાં ગુજરાતી દંપતી ફાલ્ગુનભાઈ અને કૃપાબહેન 'હર ઘર તિરંગા' અભિયાનમાં સહભાગી બન્યાં

। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

૧૫મી ઓગસ્ટ એટલે આઝાદીનું મહાપર્વ. દુનિયાના કોઈ પણ ખૂણે વસતા ભારતીય માટે આ દિવસ કોઈ મોટા તહેવારથી કમ નથી. આ અવસરે તેઓ જે દેશમાં



વસે છે ત્યાંથી કોઈને કોઈ સ્વરૂપે દેશપ્રેમ વ્યક્ત કરતા જ હોય છે. ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'હર ઘર તિરંગા' અભિયાન શરૂ કરાવીને તેમની રાષ્ટ્રચેતનાને વધુ પ્રબળ બનાવી છે. આ અભિયાનથી દુનિયાભરના ભારતીયો પોતાની ભારતીય તરીકેની ઓળખ પર ગર્વ અનુભવી રહ્યા છે. ભારતથી ૪૫૮૦ માઈલ દૂર સ્થિત યુનાઈટેડ કિંગ્ડમના લંડન શહેરમાં વસતાં ગુજરાતી યુવાદંપતી ફાલ્ગુનભાઈ અને કૃપાબહેન પણ 'હર ઘર તિરંગા' અભિયાનમાં સહભાગી બન્યાં હતાં. આ દંપતીએ લંડન બ્રેન્ટના ૮ નોર્મન્સમેડ ખાતે આવેલા તેમના નિવાસસ્થાન ખાતે તિરંગો લહેરાવ્યો હતો. પોતાની રાષ્ટ્રભાવના વ્યક્ત કરતા શ્રી ફાલ્ગુનભાઈ જણાવે છે કે ગુજરાતના રાજકોટમાં મારું બાળપણ વિત્યું છે. એ વખતે શાળા, કૉલેજ અને સોસાયટીમાં સ્વતંત્રતા પર્વે તિરંગાને સલામી આપતા અનેરો રોમાંચ અનુભવાતો. જે આજે લંડનના અમારા નિવાસસ્થાને તિરંગો લહેરાવતા ફરી અનુભવાય છે. ભારતને પ્રેમ કરવા માટે કોઈ સરહદ નડતી નથી. લંડનમાં પણ ભારતીય તહેવારો રંગે-ચંગે ઉજવાય છે. જેમાં વધુને વધુ ભારતીયોને જોડવાનું અમારું લક્ષ્ય છે એમ તેમણે ઉમેર્યું હતું. મૂળ ગુજરાતી પરિવારના અને જન્મથી બ્રિટિશ નાગરિક એવા ફાલ્ગુનભાઈના ધર્મપત્ની શ્રીમતિ કૃપાબહેન જણાવે છે કે લંડનમાં વસતા અનેક ગુજરાતીઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને માનભેર જુએ છે.

# અમદાવાદ મંડળમાં ૭૮મા સ્વતંત્રતા દિવસ ની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી







। અમદાવાદ, તા.૧૬ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માં ૭૮માં સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. મંડળ રેલવે પ્રબંધક કાર્યાલય અમદાવાદના પરિસરમાં આયોજિત ગૌરવપૂર્ણ સમારોહમાં ડીઆરએમ શ્રી સુધીર કુમાર શર્માએ ધ્વજ ફરકાવ્યો હતો અને આરપીએફ, સ્કાઉટ્સ અને ગાઈડ્સની સંયુક્ત પરેડનું નિરીક્ષણ કર્યું હતું અને સલામી લીધી હતી.આ પ્રસંગે તેમણે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી અશોકકુમાર મિશ્રના સ્વતંત્રતા દિવસના સંદેશ નું વાંચન કર્યું હતું. અમદાવાદ મંડળ ની સાંસ્કૃતિક ટીમ દ્વારા દેશભક્તિ પર આધારિત નૃત્યો અને ગીતો રજૂ કર્યા હતા જેણે દરેકના મન ને દેશપ્રેમ ની લાગણી સાથે રોમાંચિત કરી દીધા હતા. આ દરમિયાન સ્વતંત્રતાના પ્રતિક એવા ત્રિરંગાના ફુગ્ગા પણ હવામાં છોડવામાં આવ્યા હતા.આ પ્રસંગે મંડળ રેલવે પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ મંડળ ના વિવિધ વિભાગોના ૫૯ થી વધુ રેલવે કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ મેડલ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા હતા.

પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંસ્થા, અમદાવાદ ના પ્રમુખ શ્રીમતી સંગીતા શર્મા દ્વારા ગંભીર બીમારીઓથી પીડિત બે રેલવે કર્મચારીઓને આર્થિક સહાય આપીને મદદ કરી અને તેમણે રેલવે હોસ્પિટલ અને આરોગ્ય એકમોને ૭ વોટર પ્યુરીફાયર પણ આપ્યા. મંડળ કાર્યાલય ઉપરાંત અમદાવાદ, સાબરમતી, પાલનપુર, મહેસાણા, ગાંધીધામ સહિતના તમામ સ્ટેશનો, કારખાનાઓ અને ડેપો ખાતે સ્વાતંત્ર્ય દિવસ પર્વની વિધિવત રીતે ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહિલા કલ્યાણ સંસ્થાની ટીમ, અપર મંડળ રેલવે પ્રબંધક શ્રી દયાનંદ સાહુ, અપર મંડળ રેલવે પ્રબંધક શ્રી લોકેશ કુમાર, વરિષ્ઠ સુરક્ષા કમિશનર શ્રી બિનોદ કુમાર અને અન્ય અધિકારીઓ અને રેલવે કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી જીતેશ અગ્રવાલે આ કાર્યને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**વિશેષ** વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં અમદાવાદ જિલ્લો અગ્રેસર : કલેક્ટરશ્રી

# જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને અમદાવાદના બાવળા એપીએમસી ખાતે સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી

। (માહિતી) અમદાવાદ ।

દેશના ૭૮મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે અમદાવાદના બાવળા એપીએમસી ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ તિરંગો લહેરાવી સૌ નાગરિકોને સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ આપી વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં અમદાવાદ જિલ્લો અગ્રેસર રહેશે.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરતાં કલેક્ટરશ્રીએ જણાવ્યું કે આઝાદીના આંદોલનમાં ગુજરાતનો અનન્ય ફાળો છે. ગુજરાતના સપૂત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વમાં આઝાદીનું અહિંસક આંદોલન ચાલ્યું, તેનું મુખ્ય કેન્દ્ર અમદાવાદનો સાબરમતી આશ્રમ હતો. કલેક્ટરશ્રીએ આઝાદીની લડતમાં પોતાનું સંપૂર્ણ જીવન અર્પણ કરી દેનારા વીર સપૂતો અને શહીદોનું પુણ્યસ્મરણ કર્યું હતું. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી વિશ્વભરમાં ભારતનું સન્માન વધ્યું છે એમ જણાવી કલેક્ટરશ્રીએ ઉમેર્યું કે આઝાદીનાં સો વર્ષ પૂરાં થવા પર એક વિકસિત રાષ્ટ્ર તરીકે ભારતને પ્રસ્થાપિત કરવા માટે દેશનાં તમામ ક્ષેત્રે પ્રયાસો ચાલી રહ્યા છે. ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવાની દિશામાં મક્કમ પગલાં લેવાઈ રહ્યાં છે. વિકસિત ગુજરાતના આ સંકલ્પને સાકાર કરવા માટે અમદાવાદ જિલ્લો તમામ ક્ષેત્રે આગેવાની લેશે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરતાં કલેક્ટરશ્રીએ જણાવ્યું કે વિશ્વના સૌપ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો ધરાવતું અમદાવાદ એક સમયે એશિયાનું માન્ચેસ્ટર ગણાતું હતું. જે આગામી સમયમાં ધોલેરા અને સાણંદ ખાતેના સેમિકન્ડક્ટર ચિપના પ્લાન્ટને પરિણામે સેમિકન્ડક્ટર હબ તરીકે પણ જાણીતું બનશે. તદુપરાંત, લોથલ ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરનું નેશનલ મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમ પણ તૈયાર થઈ રહ્યું છે. જેને તેમણે જિલ્લાનું ગૌરવ ગણાવ્યું હતું. કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની અમલવારીમાં અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં કલેક્ટરશ્રીએ ઉમેર્યું કે જિલ્લાભરમાં મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, નેશનલ રુરલ લાઈવલીહુડ મિશનની યોજનાઓમાં સારી કામગીરી કરવામાં આવી છે, આવી રહી છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત અમદાવાદ જિલ્લામાં વ્યક્તિગત અને સામુદાયિક શૌચાલયના લક્ષ્યાંકને સો ટકા હાંસલ કરવામાં સફળતા મળી છે. શિક્ષણ અને



અરોગ્યક્ષેત્રે થયેલી કામગીરી વર્ણવતાં તેમણે કહ્યું કે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના'ની અમલવારી ઉપરાંત વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ ક્લાસરૂમ, કમ્પ્યૂટર લેબ ઉપરાંત નવા વર્ગખંડો નિર્માણ થઈ રહ્યા છે. બીજી તરફ, આરોગ્યને પ્રાથમિકતા આપીને જિલ્લામાં આયુષ્માન કાર્ડમાં ૧૦૦ ટકાનું લક્ષ્ય હાંસલ કરવા માટે તંત્ર સતત પ્રયત્નશીલ છે. જિલ્લામાં થયેલા કૃષિના વિકાસ વિશે કલેક્ટરશ્રીએ ઉમેર્યું કે અમદાવાદ જિલ્લો સમગ્ર રાજ્યમાં ડાંગર અને ઘઉંના પાકમાં વાવેતરની દૃષ્ટિએ પ્રથમ ક્રમે છે. ભાલિયા ઘઉંને જીઆઈ ટેગ મળવું તમામ ખેડૂતો માટે ગર્વની બાબત છે. કૃષિકારોને સશક્ત બનાવવા માટેની 'પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધિ યોજના' તથા ટેકાના ભાવે ખરીદીમાં ઉત્કૃષ્ટ કામગીરી થઈ રહી છે. આ ઉપરાંત, ડ્રોન દીદી યોજના હેઠળ ૨૮૪ ગામડાંમાં ડ્રોન નિદર્શન પણ કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટેના પ્રયાસો વિશે જણાવતા કલેક્ટરશ્રીએ કહ્યું કે સમગ્ર જિલ્લાના ૩૨,૦૦૦ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જેના પરિણામે જિલ્લામાં તેર હજાર એકર કરતાં વધારે વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. જિલ્લામાં ૧૦૦ ટકા રસીકરણ તેમજ ચાલુ વર્ષે ૧૬૦ પશુમેળાના આયોજન બદલ તેમણે પશુપાલન વિભાગની કામગીરીને બિરદાવી હતી. પ્રદૂષણને નાથવા માટે વનીકરણ પર ભાર મૂકતા તેમણે ઉમેર્યું કે સામાજિક વનીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૫૩ લાખથી વધારે રોપાઓનું વિતરણ થયું છે. જ્યારે જિલ્લાભરમાં પાંચ 'નમો વડ વન'માં ૫૦૦થી વધારે વડનાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લા પોલીસની કામગીરીની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે સાઈબર ફ્રોડનો ભોગ બનેલા લોકોના રૂપિયા ૧.૩૫ કરોડથી વધુ તથા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ થકી ફરિયાદીઓને રૂપિયા ૨.૮૫ કરોડથી વધુનો મુદ્દામાલ પોલીસતંત્રએ પરત અપાવ્યો છે. રમતગમત વિભાગની કામગીરીને બિરદાવતા તેમણે નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ અને નારણપુરા ખાતે નિર્માણાધીન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને અમદાવાદનું ગૌરવ ગણાવ્યા હતા. કલેક્ટરશ્રીએ આઈ-મોજણી અને સ્વામિત્વ યોજનાની કામગીરીની પણ પ્રશંસા કરી હતી. આ પ્રસંગે કલેક્ટરશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર વિવિધ વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓને પ્રતીકાત્મકરૂપે પ્રોપર્ટી કાર્ડ પણ આપવામાં આવ્યાં હતાં.

આજના સમારોહમાં જિલ્લા પોલીસના જવાનો દ્વારા અનુશાસનબદ્ધ પરેડ રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ બાવળાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓએ સાહસ અને શૌર્યથી ભરપૂર સાંસ્કૃતિક રજૂઆતો કરી હતી. તદુપરાંત યોગનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓએ યોગ નિદર્શન પણ કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા, સ્થાનિક ધરાસભ્યશ્રીઓ કનુભાઈ પટેલ તેમજ કિરીટસિંહ ડાભી, બાવળા તાલુકા પંચાયતના પ્રમખુ શ્રી સિદ્ધરાજસિંહ સોઢી, બાવળા એપીએમસીના વડા શ્રી હરિભાઈ ડાભી તથા અન્ય હોદેદારો, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અધિક નિવાસી કલેક્ટર શ્રી સુધીર પટેલ, અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટ, જિલ્લાના રાજકીય-સામાજિક અગ્રણીઓ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ-પદાધિકારીઓ તથા રાષ્ટ્રપ્રેમી નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## 'મેં નેતન્યાહૂને ગાઝા યુદ્ધ ખતમ કરવા કહ્યું' : ડોનાલ્ડ ટ્રમ્પ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારો સાથે વાત કરતા કહ્યું, "મેં યુદ્ધને સમાપ્ત કરવાની વિનંતી કરી અને કહ્યું કે તેને ઝડપથી સમાપ્ત કરવું પડશે, પરંતુ જીતો, તમારી જીત જીતો અને તેને સમાપ્ત કરો. આને રોકવું પડશે, હત્યા કરવી જ જોઈએ." રોકો." યુએસ પ્રમુખપદના ઉમેદવાર રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે (૧૫ ઓગસ્ટ) ન્યુ જર્સી ગોલ્ફ ક્લબ ખાતે પત્રકાર પરિષદ યોજી હતી. આ ૮૦ મિનિટની કોન્ફરન્સમાં, તેમણે તેમના ડેમોક્રેટિક હરીફ કમલા હેરિસને બિડેન વહીવટીતંત્રના આર્થિક રેકોર્ડ સાથે જોડવાનો પ્રયાસ કર્યો. પત્રકારના એક સવાલ પર અનંત સિંહે કહ્યું, "જુલાઈમાં મારી છેલ્લી મીટિંગ દરમિયાન મેં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને ગાઝામાં ઈઝરાયેલનું યુદ્ધ જલ્દી ખતમ કરવા કહ્યું હતું."પત્રકારો સાથે વાતચીત દરમિયાન ટ્રમ્પે કહ્યું કે મેં યુદ્ધનો અંત લાવવાનો અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે તેને ઝડપથી સમાપ્ત કરવું પડશે, પરંતુ જીતો, તમારી જીત જીતો અને તેને સમાપ્ત કરો. આ બંધ થવું પડશે, હત્યા બંધ કરવી પડશે.

## મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારે જાતિ ગણતરીની હિમાયત કરી

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારે જાતિ ગણતરીના મુદ્દે કહ્યું કે મને લાગે છે કે જાતિની વસ્તી ગણતરી એકવાર થવી જોઈએ. તે સામાન્ય વસ્તી ગણતરીની સાથે જ હાથ ધરવામાં આવવી જોઈએ, કારણ કે તેના દ્વારા આપણે આદિવાસીઓ, એસસી, ઓબીસી, લઘુમતી અને સમાજના અન્ય વર્ગોની સાચી વસ્તી જાણી શકીશું. આવું થવું જોઈએ કારણ કે દરેક વર્ગ પોતાના માટે નીતિઓ (આરક્ષણ) માંગે છે, તેથી સચોટ ડેટા મેળવવાથી નીતિઓ બનાવતી વખતે સરકારને પણ મદદ મળશે.આ સાથે અજિત પવારે મરાઠા આરક્ષણના મુદ્દા પર ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવવાની હિમાયત કરી હતી. અજિત પવારે કહ્યું કે વિરોધ પક્ષોને અવગણી શકાય નહીં કારણ કે તેઓ પણ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે કહ્યું કે મરાઠા આરક્ષણ કાર્યકર્તા મનોજ જરાંગે OBC કેટેગરી માટે ક્વોટા ઈચ્છે છે, મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ક્વોટા મુદ્દે ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી, પરંતુ વિપક્ષે બેઠકથી અંતર જાળવી રાખ્યું હતું. અજિત પવારે કહ્યું કે મને ખબર નથી કે બહિષ્કાર ઈરાદાપૂર્વક કરવામાં આવ્યો હતો કે નહીં. તેમની (વિપક્ષ) પાસેથી ફરીથી સમય માંગવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### ફોનના EMI નંબરથી હત્યારાની ધરપકડ કરવામાં આવી

# નર્સ પર બળાત્કાર, લૂંટ અને હત્યા, ઉત્તરાખંડમાં કોલકાતા જેવી ઘટના

### પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે બળાત્કાર બાદ મહિલાનું ગળુ દબાવીને હત્યા કરવામાં આવી હતી

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૬ ।

ઉત્તરાખંડના ઉધમ સિંહ નગરમાંથી કોલકાતા જેવી ઘટના સામે આવી છે. જ્યાં એક નર્સ પર બળાત્કાર અને લૂંટ કર્યા બાદ તેની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. કહેવામાં આવી રહ્યું છે કે નર્સ ૩૦ જુલાઈથી ગુમ હતી, મૃતકની બહેને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઘટનાનો ખુલાસો કરતાં પોલીસે જણાવ્યું કે આરોપીની રાજસ્થાનમાંથી ધરપકડ કરવામાં આવી હતી અને તેને કોર્ટમાં રજૂ



કર્યા બાદ તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. હકીકતમાં, ગુમ થયેલી મહિલાનો મૃતદેહ ૮ ઓગસ્ટના રોજ યુપીના બિલાસપુર જિલ્લામાં ઝાડીઓમાંથી હાડપિંજર અવસ્થામાં મળી આવ્યો હતો. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે બળાત્કાર બાદ મહિલાનું ગળુ દબાવીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે તપાસ શરૂ કરી અને નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરાને સ્કેન કરવાનું શરૂ કર્યું. તેમજ મહિલાના ફોનનો EMI નંબર પણ સર્વેલન્સ પર મુકવામાં આવ્યો હતો. સીસીટીવી ફૂટેજ સ્કેન કરતી વખતે, પોલીસે એક શંકાસ્પદ યુવકને જોયો જે તેની પાછળ આવતો જોવા મળ્યો હતો. પોલીસ ટીમને સર્વેલન્સથી ખબર પડી કે ફોનના EMI નંબરનું લોકેશન યુપીના બરેલીમાં છે.

### હોસ્પિટલમાં તોડફોડ કરનારા શકમંદોની તસવીરો જારી

# સીએમ મમતાએ કહ્યું- હુમલામાં ભાજપ અને ડાબેરીઓ સામેલ

### મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે તેઓ વિરોધ માટે વિદ્યાર્થીઓ કે ડોકટરોને જવાબદાર માનતા જ નથી

। (એજન્સી) પશ્ચિમ બંગાળ, તા.૧૬ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે રાત્રે આરજી કાર મેડિકલ કોલેજમાં તોડફોડ પાછળ વિપક્ષી રાજકીય પક્ષોનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. મમતા બેનર્જીએ કહ્યું કે તેઓ વિરોધ માટે વિદ્યાર્થીઓ કે ડોકટરોને જવાબદાર માનતા નથી, પરંતુ તેના બદલે કેટલાક રાજકીય પક્ષો પર અશાંતિ ભડકાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. મને



વિદ્યાર્થીઓ કે આંદોલનકારી ડોકટરો સામે કોઈ ફરિયાદ નથી, પરંતુ કેટલાક રાજકીય પક્ષો મુશ્કેલી ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. વીડિયો જોશો તો ખબર પડશે કે શું થયું. મમતા બેનર્જીએ કહ્યું કે મને માહિતી મળી છે કે બહારના લોકોએ ડાબેરી અને ભાજપ જેવા કેટલાક રાજકીય પક્ષોના કાર્યકરો સાથે મળીને આ કર્યું છે, આમાં વિદ્યાર્થીઓની કોઈ ભૂમિકા નથી, હું આ ઘટનાની નિંદા કરું છું અને આવતીકાલે ફાંસીની સજાને લઈને રેલી કાઢીશ માંગમેં ગઈ કાલે આ ઘટના જોઈ. સમાજમાં કેટલીકવાર આવી ઘટનાઓ બને છે પરંતુ આપણે તેને સમર્થન આપી શકતા નથી, યુપીમાં પણ એક ઘટના બની છે, આ પહેલા આપણે ઉન્નાવ અને અન્ય રાજ્યોમાં આવી ઘટનાઓ જોઈ છે.




**નવી દિલ્હીમાં સદૈવ અટલ ખાતે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર પુષ્પાંજલિ અર્પીત કરી.**

### કોલકાતા રેપ-મર્ડર કેસમાં મૃતકના પિતાની પીડા

# જો આપણે તેના જીવના બદલામાં પૈસા લઈએ તો

। કોલકાતા, તા.૧૬ ।

કોલકાતા રેપ-મર્ડર કેસ સતત સમાચારોમાં રહે છે. બુધવારે રાત્રે સંબંધિત હોસ્પિટલમાં ભારે તોડફોડ કરવામાં આવી હતી, ત્યારબાદ આ મામલો વધુ પેચીદો બન્યો છે. હવે મૃતકના પિતાએ કહ્યું કે જો અમે તેના જીવના બદલામાં પૈસા લઈશું તો તે ખૂબ જ દુઃખી થશે. મને ન્યાય મળશે તો ચોક્કસ મળશે. આ સિવાય મૃતકના પિતાએ ગુરુવારે સાંજે કહ્યું કે, આજે સીબીઆઈના અધિકારીઓ



આવ્યા અને અમારા નિવેદન સહિત તમામ પુરાવા લીધા. તેમણે વધુમાં કહ્યું કે, "આ ઘટનાને લઈને સમગ્ર દેશ તેમજ વિદેશમાં થઈ રહેલા વિરોધ અને આંદોલનની અમે ૧૦૦ ટકા તરફેણમાં છીએ. અમે તમામ વિરોધ કરનારાઓને પ્રેમ કરીએ છીએ, અમે તેમને બધાને અમારા પુત્ર-પુત્રીઓ માનીએ છીએ."

### હાથ-પગ બાંધીને રસ્તા પર ફેંકી દેવામાં આવ્યા

# બેલ્જિયમની મહિલા ઉપર પાક.માં પાંચ દિવસ સુધી ગેંગરેપ આચર્યો

। (એજન્સી) લાહોર, તા.૧૬ ।

પાકિસ્તાનમાં બેલ્જિયમની એક મહિલા પર બળાત્કારનો મામલો સામે આવ્યો છે. આ મહિલા ૧૪ ઓગસ્ટે પાકિસ્તાનના સ્વતંત્રતા દિવસના અવસર પર રસ્તા પરથી મળી આવી હતી. તેના હાથ-પગ બાંધેલા હતા. પોલીસનું કહેવું છે કે મહિલા પર પાંચ દિવસ સુધી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પાડોશી દેશ પાકિસ્તાનથી શરમજનક સમાચાર



સામે આવ્યા છે. અહીં બેલ્જિયમની એક મહિલા પર પાંચ દિવસ સુધી બળાત્કાર કરવાનો આરોપ છે. આ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. બેલ્જિયમની આ મહિલા ૧૪ ઓગસ્ટે પાકિસ્તાનના સ્વતંત્રતા દિવસના અવસર પર રસ્તા પર મળી આવી હતી. તેના હાથ-પગ બાંધેલા હતા. પોલીસનું કહેવું છે કે મહિલા પર પાંચ દિવસ સુધી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ કેસમાં એક સ્થાનિક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.રિપોર્ટ અનુસાર, મહિલા પર બળાત્કાર કર્યા બાદ આરોપીએ તેને રસ્તા પર ફેંકી દીધી અને ભાગી ગયો. તેના પગ બાંધેલા હતા અને હાથ પણ પીઠ પાછળ બાંધેલા હતા. સ્થાનિક લોકોએ આ અંગે પોલીસને જાણ કરી, ત્યારબાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તેને બચાવી લીધો.

### પૂર્વ PM શેખ હસીનાની મુશ્કેલીઓ વધી!

# બાંગ્લાદેશમાં નરસંહારના આરોપોની તપાસ શરૂ થાય

। (એજન્સી) ઢાકા, તા.૧૬ ।

બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલે નરસંહાર અને માનવતા વિરુદ્ધ અપરાધોના આરોપમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીના અને અન્ય ૯ લોકોની તપાસ શરૂ કરી છે. આ આરોપો ૧૫ જુલાઈથી ૫ ઓગસ્ટ વચ્ચે તેમની સરકાર વિરુદ્ધ વિદ્યાર્થીઓના પ્રચંડ આંદોલન દરમિયાન કરવામાં આવ્યા હતા.હસીના, અવામી લીગના મહાસચિવ અને ભૂતપૂર્વ માર્ગ પરિવહન અને પુલ પ્રધાન ઓબેદુલ કાદેર, ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અસદુઝમાન ખાન કમાલ અને અન્ય કેટલાક અગ્રણી પક્ષકારો વિરુદ્ધ બુધવારે બાંગ્લાદેશની આંતરરાષ્ટ્રીય અપરાધ ટ્રિબ્યુનલ તપાસ એજન્સીમાં



ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદીના વકીલ ગાઝી એમએચ તમિમએ ગુરુવારે પુષ્ટિ કરી કે ટ્રિબ્યુનલે બુધવારે રાત્રે તપાસ શરૂ કરી હતી. ૭૬ વર્ષીય હસીના અભૂતપૂર્વ સરકાર વિરોધી વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ વચ્ચે તેમના પદ પરથી રાજીનામું આપ્યા બાદ ૫ ઓગસ્ટે ભારત આવી હતી. હસીનાની આગેવાની હેઠળની અવામી લીગ અને તેની સાથે જોડાયેલા સંગઠનોના નામ પણ અરજીમાં છે. આ અરજી ધોરણ ૯ ના વિદ્યાર્થી આરીફ અહેમદ સિયામના પિતા બુલબુલ કબીરે દાખલ કરી હતી, જેની ભેદભાવ વિરોધી વિદ્યાર્થી વિરોધ દરમિયાન હત્યા કરવામાં આવી હતી."

તપાસ એજન્સીએ આરોપોની સમીક્ષા કરવાનું શરૂ કર્યુ છે. નરસંહાર અને માનવતા વિરુદ્ધના ગુનાઓ એક જ કેસ તરીકે નોંધવામાં આવ્યા છે. અરજીમાં હસીના અને અન્યો પર વિદ્યાર્થી વિરોધીઓ સામે હિંસાનો આરોપ મૂકવામાં આવ્યો છે," વકીલે કહ્યું સામૂહિક જાનહાનિ અને માનવ અધિકારોના ઉલ્લંઘનમાં પરિણમેલી ક્રિયાઓ કરવાનો આરોપ છે."તેમણે કહ્યું કે તપાસની પ્રગતિની જાણ ટ્રિબ્યુનલને સાત દિવસની અંદર કરવામાં આવશે.

### રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૬.3 માપવામાં આવી

# તાઈવાનની રાજધાની તાઈપેઈમાં ૨૪ કલાકમાં બીજો જોરદાર ભૂકંપ આવ્યો

### તાઇવાન બે ટેક્ટોનિક પ્લેટોના જંકશન નજીક સ્થિત છે અને તે ભૂકંપ માટે અત્યંત સંવેદનશીલ છે

। (એજન્સી) તાઈપેઈ, તા.૧૬ ।

તાઈવાનની રાજધાની તાઈપેઈની ઈમારતો ભૂકંપથી હચમચી ગઈ હતી. હવામાન વિભાગે જણાવ્યું કે ભૂકંપની ઊંડાઈ ૯.૭ કિમી હતી. તાઈવાન બે ટેક્ટોનિક પ્લેટોના જંકશન નજીક સ્થિત છે અને તે ભૂકંપ માટે અત્યંત સંવેદનશીલ છે. આ પહેલા ગુરુવારે મોડી રાત્રે તાઈવાનના ઉત્તરપૂર્વીય કિનારે ૫.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.તાઈવાનમાં શુક્રવારે જોરદાર ભૂકંપ આવ્યો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૩ માપવામાં આવી હતી. ટાપુ રાષ્ટ્રના હવામાન વિભાગે જણાવ્યું હતું કે તાઈવાનના પૂર્વીય શહેર હુઆલીનથી ૩૪ કિમી દૂર ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં નુકસાનના તાત્કાલિક અહેવાલો નથી. તાઈવાનની રાજધાની તાઈપેઈની ઈમારતો ભૂકંપથી હચમચી ગઈ હતી. હવામાન વિભાગે જણાવ્યું કે ભૂકંપની ઊંડાઈ ૯.૭ કિમી હતી. તાઈવાન બે ટેક્ટોનિક પ્લેટોના



જંકશન નજીક સ્થિત છે અને ભૂકંપ માટે અત્યંત સંવેદનશીલ છે. આ પહેલા, ગુરુવારે મોડી રાત્રે, તાઈવાનના પૂર્વોત્તર કિનારે ૫.૭ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. એપ્રિલ મહિનામાં તાઈવાનમાં આવેલા ભૂકંપે ભયંકર તબાહી મચાવી હતી. અહીં એક જ રાતમાં લગભગ ૮૦ જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેમાંથી સૌથી શક્તિશાળી આંચકો ૬.૩ની તીવ્રતાનો હતો. તાઈવાનમાં ૩ એપ્રિલે ૭.૨ની તીવ્રતાનો ભયાનક ભૂકંપ આવ્યો હતો, જેમાં લગભગ ૧૪ લોકોના મોત થયા હતા.તેને વૈજ્ઞાનિક રીતે સમજવા માટે આપણે પૃથ્વીની રચનાને સમજવી પડશે. પૃથ્વી ટેકટોનિક પ્લેટો પર સ્થિત છે.

### બાંગ્લાદેશમાં 'શોક દિવસ' પર હંગામો

# બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાના ઘર પાસે અવામી કાર્યકરોની મારપીટ

### ૧૫ ઓગસ્ટના દિવસે બાંગ્લાદેશના સ્થાપક કહેવાતા શેખ મુજીબુર રહેમાનની હત્યા કરવામાં આવી હતી

। (એજન્સી) ઢાકા, તા.૧૬ ।

બાંગ્લાદેશમાં બળવા અને વચગાળાની સરકારની રચના છતાં હિંસા અટકી રહી નથી. આ દરમિયાન ૧૫ ઓગસ્ટે પણ બાંગ્લાદેશના ધન મંડી વિસ્તારમાં હિંસા થઈ હતી. અનેક વાહનો સળગાવવામાં આવ્યા અને લોકોને માર મારવામાં આવ્યો. બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાનું ઘર ધન મંડી વિસ્તારમાં જ છે.તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં ૧૫ ઓગસ્ટના રોજ શોક દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે બાંગ્લાદેશના સ્થાપક કહેવાતા શેખ મુજીબુર રહેમાનની હત્યા કરવામાં આવી હતી. ત્યારથી આ દિવસને બાંગ્લાદેશમાં શોકના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પરંતુ વચગાળાની સરકારે તેને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. મળતી માહિતી મુજબ, અવામી પાર્ટીના કાર્યકરો શોક દિવસ મનાવવા માટે શેખ હસીનાના ઘર તરફ કૂચ કરી રહ્યા હતા. પરંતુ આ દરમિયાન



તેમની BNP અને જમાત-એ-ઈસ્લામીના કાર્યકરો સાથે અથડામણ થઈ હતી જે ધીમે ધીમે હિંસામાં પરિણમી હતી. તમને જણાવી દઈએ કે બીએનપી અને જમાતે આ વિસ્તારની તમામ દુકાનો બંધ કરાવી દીધી છે, જેઓએ દુકાનો બંધ કરવાનો વિરોધ કર્યો હતો તેમની સાથે મારપીટ પણ કરવામાં આવી હતી. ધન મંડી વિસ્તારમાં હિંસા બાદ આંતરરાષ્ટ્રીય મીડિયાને આ વિસ્તારમાં જવા અને કવર કરવા માટે રોકી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ અવામી પાર્ટીના કાર્યકર્તાઓ અહીં મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. બાંગ્લાદેશના ઘણા વિસ્તારોમાંથી છૂટાછવાયા હિંસાના અહેવાલો પણ મળ્યા છે.તમને જણાવી દઈએ કે શેખ હસીનાના રાજીનામા બાદ વચગાળાની સરકારે શોક દિવસ મનાવવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો. ઘણા પક્ષોએ વચગાળાની સરકારને વિનંતી કરી હતી કે ૧૫ ઓગસ્ટને હવે રાષ્ટ્રીય શોક દિવસ તરીકે ઉજવવામાં ન આવે. આ માંગ કરનારાઓમાં BNP, જમાત, અમર બાંગ્લાદેશ પાર્ટી, બંદૂક અધિકાર પરિષદ, બાંગ્લાદેશ રાષ્ટ્રીય પાર્ટી અને નેશનલ ડેમોક્રેટિક મૂવમેન્ટ જેવા પક્ષો સામેલ છે.બાંગ્લાદેશમાં દર વર્ષે ૧૫ ઓગસ્ટને રાષ્ટ્રીય શોક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કારણ કે આ દિવસે ૧૯૭૫માં શેખ હસીનાના પિતા શેખ મુજીબુર રહેમાનની તેમના પરિવાર સાથે હત્યા કરવામાં આવી હતી. તેઓ બાંગ્લાદેશના સ્થાપક હતા. ૧૫ ઓગસ્ટ, ૧૯૭૫ના રોજ સેનાના અધિકારીઓએ તેમના ઘરને ચારે બાજુથી ઘેરી લીધું અને ગોળીબાર કરીને તેમને મારી નાખ્યા.

### મ્યુઝિક કોન્સર્ટમાં નફાની લાલચ...

# નવી મુંબઈમાં આયોજકે રૂ. ૬૩ લાખની છેતરપિંડી કરી

### આ સમગ્ર મામલાને લઈને પોલીસનું કહેવું છે કે વિવેક રવિ રમન નામના આયોજક પર છેતરપિંડીનો આરોપ છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

નવી મુંબઈના એક વ્યક્તિએ મ્યુઝિક કોન્સર્ટનું આયોજન કરવા બદલ ૬૩ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. આ અંગે ફરિયાદ મળ્યા બાદ નેરુલ પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. જો કે આ કેસમાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. મુંબઈ નજીકના થાણેમાં એક વ્યક્તિએ મ્યુઝિક કોન્સર્ટના નામે નફાના બહાને ૬૩ લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી હતી. આ અંગે ફરિયાદ મળતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસનું કહેવું છે કે ફરિયાદના આધારે આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

એજન્સી અનુસાર, આ સમગ્ર મામલાને લઈને પોલીસનું કહેવું છે કે વિવેક રવિ રમન નામના આયોજક પર છેતરપિંડીનો આરોપ છે. વિવેક ફેસ્ટિવના મ્યુઝિક ફેસ્ટિવલના આયોજક છે. તેની સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં પીડિતાએ કહ્યું છે કે વિવેકે મુંબઈના બીકેસી વિસ્તારમાં



મ્યુઝિક કોન્સર્ટનું આયોજન કરવાની વાત કરી હતી.

આ ઈવેન્ટ ગયા વર્ષે ૨૧ માર્ચથી ૫ એપ્રિલની વચ્ચે યોજાવાની હતી. વિવેકે આ કોન્સર્ટના નામે નવી મુંબઈમાં રહેતી પીડિતા પાસેથી ૬૩.૫૦ લાખ રૂપિયા લીધા હતા અને લગભગ ૩૫ ટકા નફો અપાશે તેમ કહ્યું હતું, પરંતુ તેને કોઈ ફાયદો થયો ન હતો, તેના બદલે તેની સાથે છેતરપિંડી કરવામાં આવી હતી.આ બાબતે નેરુલ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે પીડિતાની આ ફરિયાદના આધારે પોલીસે વિવેક રવિ રમણ વિરુદ્ધ છેતરપિંડીનો કેસ નોંધ્યો છે. જો કે આ કેસમાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને વધુ તપાસ ચાલી રહી છે.

## તંત્રી લેખ...

# વિનેશને જરૂર હતી ત્યારે કોઈ તેના પડખે નહોતું

પેરિસ ઓલિમ્પિક્સમાં ૫૦ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ કુસ્તીની ફાઈનલ પહેલાં જ ભારતની કુશ્તીબાજ વિનેશ ફોગાટ ગેરલાયક ઠરી એ કેસમાં અંતે ચુકાદો આવી ગયો. વિનેશ ફોગાટે સિલ્વર મેડલ માટે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ (ઈઅજ)માં કેસ દાખલ કર્યો હતો અને તેમાં ચુકાદો આવી ગયો છે. સીએએસ દ્વારા વિનેશની અપીલ ફગાવી દેવાઈ છે અને તેનો અર્થ એ થયો કે, વિનેશની ઓલિમ્પિક્સમા મેડલની આશા પર પૂર્ણવિરામ આવી ગયું છે. હવે વિનેશને સિલ્વર મેડલ નહીં મળે. પહેલાં વિનેશની અરજી અંગે ૧૩ ઓગસ્ટે નિર્ણય આવવાનો હતો પણ સીએએસ દ્વારા નિર્ણયની તારીખ લંબાવીને ૧૬ ઓગસ્ટ કરવામાં આવતાં આશા જાગેલી કે વિનેશની તરફેણમાં ચુકાદો આવશે અને ભારતને વધુ એક મેડલ મળશે પણ આ આશા ઠગારી નિવડી છે. વિનેશ ફોગાટનું વજન ૫૦ કિલો કરતાં માત્ર ૧૦૦ ગ્રામ વધારે નિકળ્યું તેના કારણે તેના હાથમાંથી ઓલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી પહેલી ભારતીય કુસ્તીબાજ બનીને ઈતિહાસ સર્જવાની તક સરકી ગઈ હતી પણ સીએએસ દ્વારા તેની અપીલ સ્વીકારાતાં તેની મેડલની આશા જીવંત હતી. આ ચુકાદા સાથે વિનેશનો ઑલિમ્પિક મેડલ પણ છિનવાઈ ગયો છે. ભારત માટે આ નિરાશાની પળ છે ને વિનેશ માટે વધારે નિરાશાની પળ છે કેમ કે વિનેશ એક દિવસમાં ત્રણ મેચ જીતીને ફાઈનલમાં પહોંચવા છતાં ખાલી હાથે પાછી ફરી છે. બીજી તરફ વિનેશ સામે સેમિ ફાઈનલમાં હારી હોવા છતાં ક્યુબાની યુસનીલિસ ગુઝમેનને યુએસએની સારાહ હિલ્ડરબ્રાન્ડ્ટ સામે ફાઈનલમાં રમવાની તક મળી ગઈ. ગુઝમેન વિનેશ સામે હારી હતી એટલી જ ખરાબ રીતે સારાહ સામે પણ હારી ગઈ છતાં તેને સિલ્વર મેડલ મળી ગયો છે. સ્વાભાવિક રીતે જ આ બધું જોઈને દુઃખ થાય પણ વિનેશને એલિમ્પિક ગેમ્સના નિયમો હેઠળ ગેરલાયક ઠેરવાઈ છે તેથી તેની સામે વાંધો લઈ શકાય તેમ નથી. કુસ્તીના નિયમો અનુસાર, કુસ્તીબાજે મેચ રમવાની હોય એ સવારે પોતાનું વજન માપવાનું હોય છે. વિનેશનું વજન માપવામાં આવ્યું ત્યારે પોતાની કેટેગરી એટલે કે ૫૦ કિગ્રા કરતાં ૧૦૦ ગ્રામ વધારે હતું તેથી નિયમ પ્રમાણે તેને બહાર કરી દેવાઈ. આ નિર્ણય નિરાશાજનક ચોક્કસ છે પણ વિનેશ માટે અન્યાયકર્તા કે ક્ધિનાખોરી બતાવીને લેવાયેલો નથી તેથી તેને સ્વીકારવાની ખેલદિલી પણ સૌએ બતાવવી જોઈએ. આપણને સૌને ૧૦૦ ગ્રામ વજન વધારે નિકળ્યું તેમાં શું થઈ ગયું એવું લાગે છે.



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# સૂર્ય પુત્ર શનિદેવ

આજે આપણી હિન્દુ સંસ્કૃતિમાં એક પણ વ્યક્તિ એવો નહીં હોય કે જે શનિદેવના નામથી પરિચીત ન હોય. દરેક વ્યક્તિને નાનો કે મોટો શનિદેવનો પરચો તો મળ્યો જ હશે.

શનિદેવના પિતા મહાન તેજસ્વી અને આખી દુનિયાને પ્રકાશિત કરનાર સૂર્ય નારાયણ દેવ છે. શનિદેવની માતાનું નામ સંજ્ઞા છે.શનિદેવના મોટા ભાઈનું નામ યમરાજ કે યમ દેવતા છે. શનિદેવ બહુ ગુસ્સાવાળા અને ક્રોધિત દેવ ગણાય છે. એવું કહેવાય છે કે બાળપણમાં શનિદેવે ગુસ્સાના આવેશમાં પોતાની સગી જનેતાને લાત ફટકારી હતી તો સામે માતાએ શાપ આપ્યો કે તારો એ પગ નકામો થઈ જશે. આ ઘટના બાદ શનિ દેવ ખોડંગાતા ચાલે છે. શનિ મહારાજને કાળી વસ્તુ હંમેશા પ્રિય હોય છે એથી એમના ઉપર કાળું કપડું, કાળા તલ, કાળા મગ, અડદ વિગેરે ચઢાવવામાં આવે છે. શનિદેવ પોતે પણ કાળા કલરનું અબોટિયુ પહેરે છે. એક વખત હનુમાનજી અને શનિદેવ વચ્ચે કોઈ કારણસર તુમુલ યુદ્ધ થયું એ વખતે શનિદેવનો જે ખોડંગાતો પગ હતો એના ઉપર હનુમાનજીએ ગદા વડે સજડ હુમલો કરીને શનિદેવને ઘાયલ કરી નાંખ્યા અને શનિદેવ દર્દથી ચીસો પાડવા લાગ્યા. આ જોઈને હનુમાનજી ને દયા આવી અને શનિદેવના ઘવાયેલા પગ ઉપર શુદ્ધ તેલની ધાર કરી એથી એમને પીડામાં થોડીઘણી રાહત થઈ. આ કારણસર શનિ મહારાજને તેલ ચઢાવવાની પ્રથા અમલમાં આવી. એમના પિતા શ્રી સૂર્ય નારાયણ દેવ શનિદેવને ગ્રહ મંડળમાં સ્થાન આપ્યું છે. ગ્રહ મંડળમાં જેટલાં પણ ગ્રહો છે એમાં ફક્ત શનિના ગ્રહની ઉપર જ વલય આવેલ છે. કહેવાય છે કે શનિ મહારાજ જેની ઉપર રીઝી જાય છે એને માલામાલ કરી નાંખે છે અને જેના ઉપર ક્રોધે ભરાય એને પલમાં પાયમાલ કરી નાંખે છે. શનિદેવની પનોતિથી સૌ કોઈ વાકેફ છે અને સૌના જીવનમાં નાની મોટી પનોતી તો આવ્યા જ કરે છે વળી એમાંય જેના જીવનમાં સાડાસાતી પનોતી આવી એનું તો ધનોત પનોત નિકળી જાય છે. કોઈ વ્યક્તિ, કોઈ રાજા, કોઈ ઋષિ મુનિ, અરે ખુદ ભગવાન પણ શનિદેવની પનોતીના ચક્કરમાં ફસાયા હતાં. સાડાસાતીના કારણે જ સત્યવાદી રાજા હરિશ્ચંદ્રને ચાંડાલને ત્યાં વેચાવુ પડ્યું હતું. નળ રાજાને દમયંતીથી વિખૂટા પડવાનો વારો આવ્યો હતો. રાવણ જેવો મહાબળિયો પણ રામના હાથે મરાયો હતો. રાજા વીર વિક્રમાદિત્યને પોતાના હાથ પગ ગુમાવવાનો વારો આવ્યો હતો. આમ શનિ દેવના કોપ અને સાડાસાતીની વાતો મોટાભાગના પુસ્તકોમાં વર્ણવેલ છે.

આમ તો શનિદેવનાં બહું જૂજ મંદિરો છે એમાં મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલું શિંગણાપુર ગામનું શનિ મંદિર બહું પ્રખ્યાત છે. અહીં શનિદેવની કોઈ મૂર્તિ નથી માત્ર એક કાળો પથ્થર જ છે અને એની ઉપર તેલનો અભિષેક કરવાથી મનને શાંતિ મળે છે. એવું કહેવાય છે કે શિંગણાપુરમાં શનિ મહારાજ હાજરાહજૂર છે અને ગામમાં કે દુકાનમાં કોઈ તાળું વાસતું જ નથી, કારણકે અહીં ચોરી થતી નથી અને ભૂલેચૂકે કોઈ વ્યક્તિ ચોરી કરે તો એને શનિદેવનો પરચો મળી જાય છે. અહીં જે પુરુષે તેલનો અભિષેક કરવો હોય તો પિતાંબર જેવું રેશમી વસ્ત્ર પહેરી ઠંડા પાણીથી સ્નાન કરવું પડે છે અને એજ અવસ્થામાં ચબુતરા ઉપર જઈને તેલ ચઢાવી શકાય છે. આ મંદિરની બીજી વિશેષતા એ છે કે, આ શનિદેવની મૂર્તિ ખુલ્લામાં જ રહેવાનું પસંદ કરે છે એની ઉપર કોઈ છજુ કે છત બનાવવામાં આવે છે તો આપોઆપ તે તૂટી જાય છે. અરે એ તો ઠીક પરંતુ લીમડાની ડાળીનો છાંયડો પણ મૂર્તિ ઉપર પડે તો ડાળી આપોઆપ સળગી જાય છે કે તૂટી જાય છે. શનિ દેવના કોપનો ભોગ ના બનવું પડે એટલાં માટે આપણે શનિદેવના ગુણગાન ગાવા જોઈએ, એમને તેલનો અભિષેક કરવો જોઈએ. શનિ મહાત્મ્યનો પાઠ કરવો જોઈએ. શનિવારનો ઉપવાસ કરવો જોઈએ.

---

**સમય સાથે સમાધાન કરી લઈએ, તો સમય આપણને ઓછો હેરાન કરે, એવું બુદ્ધ પુરુષોનું સર્વેક્ષણ છે**

# આપણાં શરીરનું સંચાલન કરતી મુખ્ય ત્રણ નાડી, ઈડા, પીંગળાને સુષુમ્ણના પ્રતીકરૂપે ત્રિપુંડ તિલક થાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શિવલિંગને નિશ્ચિત આકાર ન્હોય માટે આપણે નિરાકાર કહ્યું, બસ એ જ રીતે શિવત્વ માટે શિવલિંગનું થોડું તત્વતઃ સુક્ષ્મ ચિંતન કરીએ તો હજી એવાં ગુણ ગ્રહણ કરી શકાય, જે આપણને સંસારમાં રહીને પણ સંન્યાસ સાથે જોડે, જેમ કે ભગવાન મહાદેવ ત્રિગુણાતિત છે! તો ત્રિગુણાતિત નો પણ એ રીતે અર્થ કરી શકાય.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. નારી શક્તિની આવડી મોટી વાતો કરનારા દેશમાં નારી સુરક્ષિત નથી, અને એ પણ રક્ષક નાં હાથે જ ભક્ષણ!! હજી પણ સંસ્કૃતિનુ મુલ્ય નહીં સમજીએ તો કાળ આવી થપાટ મારશે જ! એ તો જેની પર વિતે એ જ જાણે... આવાં આડા અવળા અનેક અવરોધો વાળી જિંદગીમાં અચાનક બ્રેક લાગતાં, થોડી ધ્રુજારી પછી જેમ શાંત સ્થિતિ સર્જાય, તેવી અત્યારે સમાજ પોતાના અવમૂલ્યન પર સ્થિર થઈ ગયો છે! બધાને પોતાની જીંદગી કંઈક અંશે સુધારવી પડશે. સમય સાથે સમાધાન કરી લઈએ, તો સમય આપણને ઓછો હેરાન કરે, એવું બુદ્ધ પુરુષોનું સર્વેક્ષણ છે, અને એ ન્યાયે આપણે પણ અત્યારે સમયની સાથે કદમ મિલાવી આપણાં મૂળ સંસ્કાર અને સંસ્કૃતિનું નજરાણું લઈ મહાદેવ એટલે કે ઈશ્વરને શરણે આવ્યા છીએ, કે તે આપણને સદાય નિર્મળ રાખે. શિવલિંગને નિશ્ચિત આકાર ન્હોય માટે આપણે નિરાકાર કહ્યું, બસ એ જ રીતે શિવત્વ માટે શિવલિંગનું થોડું તત્વતઃ સુક્ષ્મ ચિંતન કરીએ તો હજી એવાં ગુણ ગ્રહણ કરી શકાય, જે આપણને સંસારમાં રહીને પણ સંન્યાસ સાથે જોડે. જેમ કે ભગવાન મહાદેવ ત્રિગુણાતિત છે! તો ત્રિગુણાતિત નો પણ એ રીતે અર્થ કરી શકાય કે જે તે ગુણની પ્રધાનતા હોય એમાં રહી એ કાર્ય કર્યા પછી જશ અપજશ થી પરે રહી શકે એ શિવ! અને આ વાત આપણને શિવલિંગનાં વિવિધ આકારો પરથી સમજી શકીએ! સૌમ્ય શિવલિંગ હોય તો શિવના સ્વરૂપમાં સાત્વિકતા વધુ રહી હોય. સુંદર હોય તો રજસની પ્રધાનતા અને થોડું જોવામાં વિચિત્ર લાગે એવું શિવલિંગ હોય તો તમસની પ્રધાનતા રહી હોય. પણ મુખ્ય વાત એ છે કે કાર્ય કર્યા પછી એ ભૂલી જવું પડે! જીવમાં જ શિવત્વ ની સ્થાપના કરવા માટે એવું એક ચિંતન જોડી શકાય! અને દિવસે દિવસે વધતી જતી બૌદ્ધિકતા અને એને કારણે વધતો વ્યક્તિગત કે જ્ઞાતિગત અહમ! આ બંને માટે શિવત્વને આ રીતે જોવું પણ જરૂરી છે. કારણ કે આમ પણ કર્તાહર્તા સમાહર્તા અંતે તો એ જ છે! બીજું શિવલિંગ પર પર કે ભગવાન શંકરને લલાટે થતાં ત્રિપુંડ વિશે વાત કરીએ. સામાન્ય રીતે શિવલિંગ અથવા તો ભગવાન શંકરને થતું



ત્રિપુંડ ચંદન અથવા ભસ્મથી થાય છે.ભગવાનનો અભિષેક વગેરે સંપન્ન કરી, પછી જ્યારે તેને તૈયાર કરવામાં આવે છે, ત્યારે આ ત્રિપુંડ કરવામાં આવે છે. ભક્ત પોતે પણ શિવભક્ત છે, એવું દર્શાવવા પોતાના કપાળમાં પણ આ ત્રિપુંડનું તિલક કરતો જોવા મળે છે અને આ ત્રિપુંડના ફાયદા પણ ઘણા છે. આપણે ત્યાં ત્રિપુંડ સિવાયના પણ ઘણા તિલકની પરંપરા છે. મૂળભૂત રીતે કોઈપણ સંપ્રદાયની ભક્તિને નિશાની તરીકે ભક્તો કપાળમાં તિલક કરતા જોવા મળે છે. ભગવાન શંકરનો જ્યારે રુદ્રાભિષેક કે મહારુદ્ર થાય પછી તેમાં શણગારની શરૂઆત થાય, અને એ શરૂઆત ત્રિપુંડથી કરવામાં આવે છે. અસંગ અને અલિપ્ત એવા ભગવાન શંકરના લિંગ પર સોળ પ્રકારના દ્રવ્યોથી પૂજા કરવામાં આવે છે, પણ તે એક પણ દ્રવ્ય ગ્રહણ કરતા નથી. ફક્ત ત્રિપુંડનું તિલક તેના લિંગ પર કાયમ જોવા મળે છે, સામાન્ય રીતે મુખ્ય ત્રણ નાડી, ઈડા, પીંગળા ને સુષુમ્ણા એના પ્રતીકરૂપે આ ત્રિપુંડ તિલક થાય છે. કારણ કે શરીરની આ મુખ્ય ત્રણ નાડીઓથી શરીરનું સંચાલન થતું હોય છે, અને જીવન આધાર સમાન આ નાડીઓમાં રક્ત પરિભ્રમણની ક્રિયા સરખા વેગે ચાલે તેવી ભગવાન શંકરને પ્રાર્થના કરવામાં આવે છે. શિવ ભક્ત પોતે પણ કપાળમાં, ગળા પર, કે બંને હાથના ખભાથી નીચેના ભાગ પર આ તિલક કરતા જોવા મળે છે, અને તેનું મુખ્ય કારણ માનસિક શાંતિ મેળવવાનું છે. કારણ કે ચંદન એ શીતળતા પ્રદાન કરનારુ દ્રવ્ય છે. ભસ્મથી જો આ તિલક થાય તો પોતે વૈરાગ ની ભાવના ધરાવે છે એવું કહેવા પણ આ તિલક શિવ ભક્તો કરતા હોય છે. એક બીજો મહત્વનો અર્થ પણ આ ત્રિપુંડનો, એ થાય છે કે આ ત્રિપુંડ આજ્ઞા ચક્ર પર કરવામાં આવે છે, અને આજ્ઞા ચક્ર એટલે કે બે આંખની મધ્યે ભૃકુટીની, વચ્ચે જ્યાં શંકરને ત્રીજું નેત્ર આવેલું છે, એવું દર્શાવવામાં આવે છે. અને આ ત્રીજું નેત્ર શંકર ને જીવથી શિવ એમ જુદુ પાડનાર છે. કારણ કે જીવને બે નેત્ર છે જ્યારે શંકરને ત્રિનેત્ર છે, એટલે આ તિલક કરી અને શિવભક્ત પોતે પણ સમજણનું ત્રીજું નેત્ર ધરાવે છે એવું દર્શાવે છે. મસ્તક એ એવું એક કોમ્પ્યુટર છે જેમાં એક સાથે સો પ્રકારના સંદેશા ઝીલી શકાય છે, અને અમેરિકાના એક વૈજ્ઞાનિક એ આવું એક કોમ્પ્યુટર બનાવવાની કોશિશ પણ કરી હતી, જેની માટે થઈને તેને ૨૭ માળની રચના કરવામાં આવી છતાં પણ તે કાર્ય સંપૂર્ણ થયું નહીં. તો આટલી હદે અદભુત ક્રિયા કરનારુ આપણું મસ્તિષ્ક છે, અને તેની પર આ તિલક કરવામાં આવે તો, તેનું સંચાલન વધુ સારી રીતે થઈ શકે એવો એક આશય પણ છે. મધ્યમાં એટલે કે જ્યાં આજ્ઞાનું ચક્ર છે, કે પછી શંકરની ત્રીજી આંખ દેખાડવામાં આવી છે, તે ભાગ પર સરસ્વતીનો વાસ છે તેવું પણ શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. અને વિદ્યાની દેવી સરસ્વતી, જો બુદ્ધિ અને વાણીમાં વસે, તો પછી જીવનની નિર્મળતા અને સુમધુરતામાં વધારો થાય છે, એટલે આ તિલક મનુષ્ય પણ કરતા જોવા મળે છે. શિવ ભક્તો હોય તે ત્રિપુંડ કરે, વૈષ્ણવ હોય તે વૈષ્ણવી તિલક કરે, સાધુઓ પોતાના વૈરાગ્યને કે સંન્યાસ દેખાડવા પોતાનું અલગ જે તે સંપ્રદાય પ્રમાણેનું તિલક કરે. અને સ્ત્રીઓ પોતાના અખંડ સૌભાગ્યને દર્શાવવા માટે ચાંદલો કરે છે. તિલકની વિવિધતા હોઈ શકે, પણ કાર્ય તેનું એક જ છે, કે ત્રણ નાડીઓ ને સંયમિત કરવી, અને જે તે વ્યક્તિ સાથે તે સંકળાયેલા હોય, તેના પ્રત્યે પૂર્ણ સમર્પણ ભાવ રાખી, અને આ તિલક કરવામાં આવે, તો તે જે તે વ્યક્તિને સમર્પિત હોય, તેના જેટલી શક્તિ સામર્થ્ય વાળાની બને છે. તો ભગવાન શંકરના શિવલિંગ કે તેના લલાટે અંકિત ત્રિપુંડની વ્યાખ્યા અહીં સાધક પોતાની બુદ્ધિ કક્ષા અનુસાર કરી, અને તેના અનન્ય લાભને પ્રાપ્ત કરે, એવી એક અનન્ય પ્રાર્થના મહાદેવ ને ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**શ્રાવણ માસમાં શિવ મહિમા- ૧૨ સદ્યોજાત, વામદેવ તત્પુરુષ, અઘોર અને ઈશાન શતરૂદ્ર સંહિતામાં વર્ણવેલ શિવજીના પાંચ અવતારો**

# શતરૂદ્ર સંહિતામાં વર્ણવેલ શિવજીના પાંચ અવતારોનો મહિમા



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**બ્રહ્માએ તે કુમારને વામદેવ' શંકર જાણી પ્રણામ કર્યા, તે પછી તેના ચાર પુત્રો વિરજસ્, વિવાહ, વિશોક અને વિશ્વભાવન ઉત્પન્ન થયા, તેમણે બ્રહ્માને જ્ઞાન અને સૃષ્ટિ રચવાની શક્તિ આપી, વામદેવ એ શિવનો બીજો અવતાર થયો.**

ભગવાન સદા શિવ ભોળાનાથ ભકતોની આશાપુરી કરજે. આજે શ્રાવણ માસના શિવ મહિમા-૧૨ માં શતરૂદ્ર સંહિતામાં વર્ણવેલ શિવજીના પાંચ અવતારોનો મહિમા જાણીએ, સૂતે શૌનકના કહેવાથી શિવજીના પાંચ અવતારો સદ્યોજાત, વામદેવ તત્પુરુષ, અઘોર અને ઈશાન વર્ણવીને શિવજીનાં શ્રદ્ધાવાન ભક્તોનું કલ્યાણ કર્યુ છે. “સધોજાતઃ-” ઓગણીસમો કલ્પ શ્વેતલોહિત નામે જાણવો. તેમાં સદ્યોજાત નામે ભગવાન શિવજીનો પ્રથમ અવતાર થયો. આ કલ્પમાં બ્રહ્માજી પરબ્રહ્મનુ ધ્યાન કરતા હતા, ત્યારે શિખાયુક્ત શ્વેતલોહિત છે. કુમાર ઉત્પન્ન થયા હતા તે પુરુષને નિહાળીને તેમને બ્રહ્મ સ્વરૂપ તથા પ્રભુ જાણી બ્રહ્માજી એ બે હાથ જોડી, મનથી ધ્યાન ધરી, તેમનું ચિંતન કરવા લાગ્યા. એટલામાં ત્યાં સનકાદિ કુમારો ઉત્પન્ન થયા અને તે બ્રહ્માના શિષ્યો થયા. સદ્યોજાત શિવજીએ પ્રસન્ન થઈ બ્રહ્માજીને જ્ઞાન દીધું અને તેમને સૃષ્ટિ રચવાની શક્તિ દીધી. વામદેવ રક્ત' નામના વીસમા કલ્પમાં બ્રહ્માએ લાલ વર્ણ ધારણ કરી, પુત્રની ઈચ્છાથી ધ્યાન ધરતા, તેમનાથી એક પુત્ર અવતર્યો; જે લાલ પુષ્પમાળા તથા લાલ વસ્ત્રને ધારણ કરેલો, લાલ નેત્રોવાળો તથા લાલ આભૂષણોવાળો હતો. બ્રહ્માએ તે કુમારને વામદેવ' શંકર જાણી પ્રણામ કર્યા. તે પછી તેના ચાર પુત્રો વિરજસ્,વિવાહ,વિશોક અને વિશ્વભાવન ઉત્પન્ન થયા. તેમણે બ્રહ્માને જ્ઞાન અને સૃષ્ટિ રચવાની શક્તિ આપી. વામદેવ એ શિવનો બીજો અવતાર થયો. તત્પુરુષ:-” પીતવાસ? નામના એકવીસમા કલ્પમાં બ્રહ્માએ પીળા વસ્ત્ર ધારણ કરી,પુત્ર-પ્રાપ્તિ અર્થે ધ્યાન ધરતા તેમને પીળાવસ્ત્ર વાળો પ્રૌઢ, તેજસ્વી,મોટી ભુજા વાળો પુત્ર પ્રાપ્ત થયો, જેને બ્રહ્મા એ તત્પુરુષ શંકર જાણી વંદન કર્યા અને તેમણે બુદ્ધિથી શિવ- ગાયત્રીનો જપ કરવા માંડ્યો, ત્યારે મહાદેવ પ્રસન્ન થતાં, તેમના પડખામાંથી આ પીળાં વસ્ત્રોવાળા દિવ્ય કુમારો પ્રકટ થયા, જે યોગ માર્ગના પ્રવર્તક બન્યા. આ શિવનો



તત્પુરુષ નામે ત્રીજો અવતાર થયો, “અઘોર : ત્યારબાદ રશિય એકલા સમંદરમાં દેવતાઈ હજારો વર્ષ ચિતનમાં વિચાર્યા.તે દરમિયાન બ્રહ્માએ શ્યામ વર્ણવાળો, પરાક્રમી સવા ઈચનાં વસ્ત્રો પરિધાન કરેલો, માથે કાળી પાઘડી, કાળી જનોઈ વગેરે ધારણ કરેલો પોતાની દિવ્યતા થી પ્રકાશી રહેલા એક અઘોર કુમાર મહાત્માને પ્રકટેલા જોઈ બ્રહ્માએ તેને બ્રહ્મરૂપ સમજી પ્રણામ કર્યા અને તેમની સ્તુતિ કરી. તે પછીએ કુમારના પડખામાંથી કાળા વર્ણવાળા ચાર મહાત્મા કુમારો કૃષ્ણ,કૃષ્ણ શિખ, કૃષ્ણાસ્ય અને કૃષ્ણ કંઠધૃક્ પ્રકટ્યા. એ મહાત્માઓએ બ્રહ્માની સૃષ્ટિના કારણે ઘોર નામનો મહા અદ્ભુત યોગ ચાલુ કર્યો. આમ, શિવનો ચોથો અવતાર અઘોર કહેવાયો. ઈશાન વિશ્વરૂપ નામના બીજા કલ્પમાં બ્રહ્માએ પુત્રની પ્રાપ્તિ અર્થ સદા શિવનું ધ્યાન ધરતાં નાદવાળી વિશ્વરૂપ વાણી તેમજ પ્રભુ ઈશાન પરમેશ્વર પ્રકટ થયા.જે શુદ્ધ સ્ફટિક જેવા પ્રકાશિત તેમજ સર્વ અલંકારોથી શણગારેલા હતા બ્રહ્માજીએ તેમને વંદન કરતા પ્રભુ ઈશાને બ્રહ્માને સન્માર્ગ નો આદેશ કરી, ચાર શુભ બાળકો જટી, મુંડી, શિખંડી અને અર્ધમુંડને ઉત્પન્નકર્યા તેઓ યોગ સાથે સદધર્મને ઉપદેશી યોગની ગતિને પામ્યા આમ,ઈશાન અવતારએ શિવનો પાંચમો અવતાર હે સનત કુમાર ઉત્પત્તિના કહી સંભળાવી, ઈશાન તત્પુરુષ, અઘોર, વામદેવ ! આમ મેં શંકરના પાંચ અવતારોની તેમજ સોજાત નામની એ પાંચેય સદાશિવની મૂર્તિ ઓ જાણીતી છે. તે પૈકીના ઈશાન સૌથી મોટા સદાશિવ હોય પહેલા કહેવાયા.તે પ્રકૃતિના સાક્ષાત્ ભોક્તા, ક્ષેત્રજ્ઞ ઉપર અધિકાર ચલાવતા રહે છે. તત્પુરુષ નામનો બીજો અવતાર ગુણાશ્રય રૂપ અનેભોગ્ય એવા સર્વજ્ઞ ઉપર અધિકાર ચલાવે છે. પિનાકધારી નામે અઘોર ત્રીજા અવતારમાં બુદ્ધિ તત્ત્વ વિચારી વસે છે. વામ દેવ નામે ચોથા અવતારમાં શિવ અભિમાન-અહંકારની ઉપર સ્થિતિ કરી સર્વદા અનેક પ્રકારનાં કાર્યો કરે છે. ઈશાન સ્વરૂપે શિવ સદા શ્રોતેન્દ્રિય, વાણી તથા વ્યાપક આકાશના સદા ઈશ્વર છે. વિચાર બુદ્ધિ કહે છે કે ત્વચા, ઈન્દ્રિય, હાથ સ્પર્શ તથા વાયુના પ્રભુ પુરુષ નામે ઈશ્વરનું સ્વરૂપ છે. વિદ્વાનોના મતે દેહનું, રસનું, રૂપનું, અગ્નિનું પણ આશ્રય સ્થા અઘોર નામે શિવનું ઈશ્વર સ્વરૂપ છે. શિવનું વામદેવ નામનું સ્વરૂપ,રસના,ગુદાના, જિહવા ઈન્દ્રિયના તેમજ જળના પ્રભુ કહે વાય છે. ઘ્રાણેન્દ્રિયના, ઉપસ્થના, ગંધના તેમજ પૃથ્વીના પ્રભુ સદ્યોજાત નામે શંકરનું સ્વરૂપ છે. કલ્યાણ ઈચ્છતા પંડિતો તથા વિદ્વાનોએ હંમેશા સાવચેતીથી તેમજ શ્રદ્ધાથી શિવજીના આ પાંચે સ્વરૂપને પૂજવા જોઈએ. વાચક ચાહક શુભેચ્છક મિત્રો આપ સૌના ઉત્સાહ થકી શ્રાવણ માસમાં શિવ મહિમા વર્ણવાનો પ્રયાસ કરી રહયો છું. આ માસમાં આપણે શુદ્ધ જળ બિલ્લીપત્રથી અભિષેક ના કરી શકયા હોઈએ તો આ મહિમા થકી પણ એ જ સાધના થઈ છે. ૭૮મા સ્વાતંત્ર્ય દિવસ ઉજવણી ઉત્સાહ ઉમંગભેર રાષ્ટ્ર ભાવના સાથે થઈ. આજે શ્રાવણ સુદ બારસને શનિવાર શિવાલયમાં ભક્તો અભિષેક કરી રહ્યા છે. વાચક ચાહક શિવ ભક્તો આપની મનોકામના સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિદેવ મહાદેવ પુરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

---

**રાજકારણીઓ સામે જોઈને પ્રજા એમ ન કહી શકે કે તો પછી એમાં આપણે શું? જે છે તે પ્રજાએ જ તો આખરે ભોગવવાનું આવે છે**

# પ્રજા તરીકે આપણું જાહેર વર્તન સ્વયંદ્રષ્ટિથી જોવા જેવું છે

દરેક સ્વાતંત્ર્ય પર્વ આપણને ઈતિહાસ તો યાદ કરાવે છે, પરંતુ સ્વતંત્રતા જેવી મહાન ઉપલબ્ધિ પછીના આપણા સુદીર્ઘ અને વ્યાપક જનજીવનનું મૂલ્યાંકન કરવા પ્રેરણા આપે છે. સરકારનો વાંક હોય છે, પરંતુ આપણી પ્રજા તો બધી જ જવાબદારીઓ સરકાર પર નાંખવા ઉતાવળી છે. માત્ર સ્વચ્છતાના એક જ ત્રાજવે દેશને તોળવા બેસો તો ખ્યાલ આવે કે નાગરિક તરીકેના આપણા અભિવર્તનોની શું હાલત છે! માત્ર ભારતની આ વર્તમાન એનડીએ સરકાર જ નહીં, દુનિયાની મોટા ભાગની સરકારો મીડિયા હાઉસોનું શોપિંગ કરવા નીકળેલી છે. તેઓનું તો કામ જ છે કે પોતાની સ્તુતિ-આરતી ચોતરફ થતી રહે. આઝાદીના અમૃત મહોત્સવની આભા આજે જેટલી સરકાર પક્ષે છે એટલી પ્રજા પક્ષે નથી. જો ભારતીય પ્રજા રાષ્ટ્રપ્રેમમાં પાછી પડશે તો એણે એની બહુ ઊંચી કિંમત ચૂકવવી પડશે. પ્રજા તરીકે આપણું જાહેર વર્તન સ્વયંદ્રષ્ટિથી જોવા જેવું છે. ભારતીય સમાજનું જ નહીં, આખા એશિયાની પ્રજાનું સામુદાયિક વર્તન કદી અભિનંદનીય લેખાતું નથી. એમાંથી બહાર આવવાની કેટલાક દેશોની પ્રજાએ મથામણ શરૂ કરી છે. કોઈ પણ દેશની નાગરિકતાનું કલ્ચર જોવું હોય તો એમની ટ્રાફિકની શિસ્ત જુઓ એટલે બધી ખબર પડી જાય. કીડીની કે કુંજડીની હાર પાસેથી પણ આપણે કંઈ શીખ્યા નથી. ગ્રીન લાઈટ થવાને વાર હોય ત્યારે સહુના ચહેરા અને મનોભાવ નિરખવા જેવા હોય છે. શું પ્રજાએ શાંત ચિત્ત, પ્રસન્ન મુખમુદ્રા અને ધૈર્ય સદંતર ગુમાવી દેવાની તૈયારી કરી લીધી છે? ગુજરાતનાં કેટલાક શહેરોમાં અને હૈદ્રાબાદ-સિકંદરાબાદમાં તો નાનકડો અકસ્માત થાય કે તુરત જ પક્ષકારો મૂર્ખતાપૂર્ણ રીતે શક્તિપ્રદર્શન શરૂ કરે છે. તેઓ તેમના સાગરિતોને બોલાવી ધમાલ પણ કરે છે. ક્યારેક નિર્દોષ સજ્જનો પાસેથી ‘તોડ’ કરીને તેઓની પોતાની ગરીબાઈ દૂર કરવા નાણાં પણ પડાવે છે. દરિદ્રતા અને લુખ્ખાગીરીનો સંગમ હંમેશા ટ્રાફિકમાં તોફાની સ્વરૂપે દેખાય છે. અમેરિકાનું સરવા કાને વિહંગાવલોકન કરો તો ચોતરફ સોરી-સોરી અને થેક્સ-થેંક યુ સંભળાશે. સ્વતંત્રતા મળ્યા પછી પ્રજાએ વિકસાવવાની સ્વયંશિસ્તનો એક આખો અધ્યાય આપણે ત્યાં બાકી રહી ગયો છે. નવી પેઢીને તો ખબર જ નથી કે તેમની યુવાની જે રીતે તેમની છે એ વાસંતિક સ્વરૂપે આ રાષ્ટ્રભૂમિ પણ તેમની જ છે. તેઓ જે કાંઈ વિચારશે, ઉચ્ચારશે અને વર્તશે એ પ્રમાણે આ દેશ ક્રમશઃ એવો જ બની જશે, પરંતુ તેઓની પાસે એવો કોઈ લક્ષ્ય નિર્ધારક સદગુરુ કદાચ નથી, જે તેમના ખભા પર હાથ મૂકીને ઠપકો આપીને ઊંચા ગિરિશિખરો ભણી આરોહણ કરવા દોરી જાય! કમસે કમ એકવાર તો ભારતીય પ્રજાએ સરકાર અને રાજકારણીઓને સાઈડ પર મૂકી આત્મદર્શન કરવું હવે અનિવાર્ય છે. આઝાદીના પંચોતેર વરસે આત્મદર્શન જરૂરી છે. એક વખત પણ જો આ પ્રજા પોતાની જાહેર અને સામુદાયિક જવાબદારીઓને સમજતી થાય તો રાજકારણીઓ જેઓ દુર્જન હશે તેઓ આપોઆપ ફેંકાઈ જશે. અને દરેક રાજકારણી દુર્જન હોતો નથી. બારીક નજરે જુઓ તો સ્વાર્તંત્ર્યોત્તર ભારતની લાખો સમસ્યાઓનો ઉકેલ કોઈ વિદ્વાન, શ્રીમંત કે તપસ્વીએ આપેલો નથી.


THE WAIT IS ALMOST OVER...

# કંગના રનૌતની બહુપ્રતિક્ષિત ફિલ્મ ‘ઈમરજન્સી’નું ટ્રેલર રિલીઝ

## સોશિયલ મિડિયા પર લોકોનો ઘણો પ્રેમ મળી રહ્યો છે, મિલિંદ સોમને પણ ‘ઈમરજન્સી’ફિલ્મમાં ખૂબ પ્રભાવિત કર્યા છે



ભાજપ સાંસદ અને બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌતની બહુપ્રતિક્ષિત ફિલ્મ ‘ઈમરજન્સી’નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. તેને સોશિયલ મીડિયા પર લોકોનો ઘણો પ્રેમ મળી રહ્યો છે. મિલિંદ સોમને પણ ‘ઈમરજન્સી’માં ખૂબ પ્રભાવિત કર્યા છે. ટ્રેલરમાં યુવા ઈન્દિરા ગાંધીના રાજકારણમાં પ્રવેશતા જ તેમના પિતા સ્વર્ગસ્થ પીએમ જવાહરલાલ નેહરુ સાથેના સંબંધો દર્શાવાયા છે. સાથે એ પણ બતાવવામાં આવ્યું છે કે, કેવી રીતે ઈન્દિરા ગાંધીએ તેમની લાંબી કારકિર્દી દરમિયાન યુદ્ધો અને રાજકીય અશાંતિ જેવા ઘણા ગંભીર મુદ્દાઓને સંભાળ્યા હતા? આ ફિલ્મમાં દેશમાં ૨૧ મહિનાની ઈમરજન્સીની વાર્તા બતાવવામાં આવશે. પીએમ ઈન્દિરા ગાંધીએ ૪૯ વર્ષ પહેલા ૧૯૭૫માં ઈમરજન્સી લાદી હતી. આ સમયગાળા દરમિયાન દેશની જનતાના મૂળભૂત અધિકારો તેમની પાસેથી છીનવાઈ ગયા. સમગ્ર દેશમાં સનસનાટી મચી ગઈ હતી. ફિલ્મમાં કટોકટી લાદવાને કારણે દેશની અંદર ચાલી રહેલી અસ્થિરતા દર્શાવવામાં આવી છે. કંગના રનૌત ‘ઈમરજન્સી’માં ઈન્દિરા ગાંધીની ભૂમિકામાં છે, જ્યારે અનુપમ ખેર જયપ્રકાશ નારાયણની ભૂમિકામાં છે. શ્રેયસ તલપડેએ અટલ બિહારી વાજપેયીની તો અશોક છાબરાએ મોરારજી




દેસાઈની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં મહિમા ચૌધરી પણ છે, જે ઈન્દિરા ગાંધીના નજીકના સાથી પુપુલ જયકરના રોલમાં છે. દિવંગત અભિનેતા સતીશ કૌશિક પણ ‘ઈમરજન્સી’માં જોવા મળ્યા. આ ફિલ્મમાં તેઓ જગજીવન રાવના રોલમાં જોવા મળશે, જ્યારે વિશાક નાયર સંજય ગાંધીના રોલમાં છે. ‘ઈમરજન્સી’ ૬ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. કંગનાએ આ ફિલ્મમાં માત્ર અભિનય જ નથી કર્યો, પરંતુ તે તેની નિર્દેશક અને નિર્માતા પણ છે. કંગનાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ઈન્દિરા ગાંધીના જીવનની તુલના શેક્સપિયરની દુર્ઘટના સાથે કરી હતી. ફિલ્મના ટ્રેલરને ખૂબ પસંદ કરવામાં આવી રહ્યું છે અને લોકો સોશિયલ મીડિયા પર ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે. તેઓ ઈન્દિરા ગાંધીના રોલમાં કંગનાના વખાણ કરી રહ્યા છે. ફેન્સનું કહેવું છે કે ‘ઈમરજન્સી’ બ્લોકબસ્ટર પણ સાબિત થશે.



### સફળ ડિરેક્ટર્સ મહેશ ભટ્ટ-વિક્રમ ભટ્ટ ફરી એક સાથે

# મહેશ ભટ્ટ અને વિક્રમ ભટ્ટે એક સાથે ૪ જેટલી ફિલ્મ લોન્ચ કરી

૯૦થી ૨૦૦૦ના સમયગાળાના સફળ ડિરેક્ટર્સ મહેશ ભટ્ટ અને વિક્રમ ભટ્ટ ફરી એક સાથે ચાર ફિલ્મો લઈને આવી રહ્યા છે. સોમવારે યોજાયેલી એક ઈવેન્ટમાં વિક્રમ ભટ્ટે તેનું ડૉ. અજય મરડિયાના ઈન્દિરા એન્ટરટેઈન્મેન્ટ અને મહેશ ભટ્ટ સાથે મળીને એક સાથે ચાર ફિલ્મોની જાહેરાત કરી છે. તેમાંથી અમુક કામ માટે મહેશ ભટ્ટ મેન્ટરિંગ પણ કરશે તેમજ ઈન્દિરાની કેટલીક ફિલ્મો લખશે પણ ખરા. આ ઈવેન્ટમાં અનુપમ ખેર, એશા દેઓલ, ઈશ્વાક સિંઘ સહીતના ફિલ્મોના કલાકારો પણ હાજર રહ્યાં હતાં. આ ઈવેન્ટમાં વિક્રમ ભટ્ટે જે પહેલી ફિલ્મ લોન્ચ કરી હતી તે છે, ‘રણ’. આ એક ઐતિહાસિક ફિલ્મ છે, જેમાં ૧૬૬૯માં મેવાડના મહારાણા રાજ સિંઘની કથા છે, જેમણે મુઘલ બાદશાહ ઔરંગઝેબ અને તેમની જઝિયા વેરાની નીતિનો વિરોધ કર્યો હતો. વિક્રમ ભટ્ટ આ ફિલ્મ ડિરેક્ટ કરશે.આ ઈવેન્ટમાં જે બીજી ફિલ્મ લોન્ચ થઈ, તે હતી ‘વિરાટ’. આ ફિલ્મમાં ૧૯૧૧માં અંગ્રેજોએ જ્યારે રેલવે લાઈન બનાવવા માટે મા શેરાવાલીના મંદિરનો નાશ કર્યો ત્યારે એક વાઘે કઈ રીતે આ જમીન અને મંદિરની રક્ષા કરી હતી, તેની વાત છે. જેમાં એક વાઘને અંગ્રેજોના ઝંડા સાથે દર્શાવાયો હતો, અને નીચે લખ્યું હતું ‘રાજની વિરુદ્ધ બળવો’. ‘તું મેરી પૂરી કહાની’ ત્રીજી ફિલ્મ છે, જેને વિક્રમ ભટ્ટ ડિરેક્ટ નહીં કરે. આ ફિલ્મની સ્ટોરી મહેશ ભટ્ટે લખી છે અને તેમાં અનુ મલિકે સંગીત આપ્યું છે. અંતે ‘તુમકો મેરી કસમ’ લોન્ચ કરવામાં આવી, જે વિક્રમ ભટ્ટે ડિરેક્ટ કરી છે અને તેમાં અનુપમખેર મુખ્યભુમિકામાં જોવા મળશે. તેમની સાથે એશા દેઓલ, અદા શર્મા અને ઈશ્વાક સિંઘ પણ છે. આ ફિલ્મ ઈન્દિરા એન્ટરટેઈન્મેન્ટના ડૉ. અજય મરડિયાના જીવન પર આધારિત છે. આ ફિલ્મ લોન્ચ થઈ ત્યારે ફિલ્મના બધાં જ કલાકારો, મહેશ ભટ્ટ, વક્રમ ભટ્ટ અને અજય મરડિયા મંચ પર હાજર રહ્યાં હતાં. તેમણે મીડિયા સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી.



# સલમાન ખાને ટ્રેલર લોન્ચ વખતે કહ્યું કે ‘આજના માણસે માણસ ન બનવું જોઈએ’

## સલીમ-જાવેદના કરિયર પર આધારિત ડોક્યુમેન્ટરી સિરીઝ ‘ઍંગ્રી યંગ મેન’ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે

સલીમ-જાવેદના કરિયર પર આધારિત ડોક્યુમેન્ટરી સિરીઝ ‘ઍંગ્રી યંગ મેન’ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. તેનું ટ્રેલર આજે લોન્ચ કરવામાં આવ્યું છે. સિરીઝના ટ્રેલર લૉન્ચ વખતે સલમાન ખાને પુરુષો વિશે વાત કરી હતી. બોલિવૂડની પ્રખ્યાત લેખક જોડી જાવેદ અખ્તર અને સલીમ ખાનની વાર્તા પડદા પર બતાવવામાં આવનાર છે. ‘એન્ગ્રી યંગ મેન’ નામની એક ડોક્યુમેન્ટરી સિરીઝની જાહેરાત થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી, જેનું ટ્રેલર પણ હવે રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં સલીમ-જાવેદની જોડીની રચના, બ્રેકઅપ અને સાથે મળીને ઉત્તમ ફિલ્મો લખવાની વાર્તા બતાવવામાં આવશે. તેના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં સલમાન ખાને પણ હાજરી આપી હતી. આ દરમિયાન, સુપરસ્ટારે પુરુષો વિશે વાત કરી. સલીમ-જાવેદે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ‘એન્ગ્રી યંગ મેન’નો કોન્સેપ્ટ આપ્યો. હવે તેની ડોક્યુમેન્ટ્રી સિરીઝ આ જ નામ સાથે આવી રહી છે. સિરીઝના ટ્રેલર લૉન્ચ વખતે સલમાન ખાને કહ્યું, ‘ઘણા લેખકો લખે છે. સલીમ-જાવેદ વિચારે છે કે, તેઓએ તેમના જીવનના અનુભવો, તેમની આસપાસના લોકો પાસેથી શું શીખ્યા, તેઓએ શું જોયું, તેમના માતા-પિતાએ તેમને શું શીખવ્યું, તેમના બાળકો જે રીતે મોટા થયા છે, તેઓએ તેમના જીવનમાં શું અમલમાં મૂક્યું છે વસ્તુઓ અને તેમાંથી સિનેમા બનાવ્યું. અન્ય લેખકો સિનેમામાંથી શીખે છે અને પછી તેને સિનેમામાં મૂકે છે. અભિનેતાએ આગળ કહ્યું, ‘ભગવાન માણસો બનાવે છે, પરંતુ માણસ માણસ બનીને રહેવા માંગતો નથી. તે ઘણા પુરુષો બનાવે છે. પરંતુ આ પેઢી આ માણસો રહેવા માંગતી નથી. એ બંને, મારા પિતા અને જાવેદ સાહેબ પુરુષો છે. તેઓ હજુ પણ પુરુષો છે. તેઓ પુરુષો બનવા માંગે છે. સલમાન ખાનની આ વાત સાંભળીને જાવેદ અખ્તર ખૂબ જ ખુશ થઈ ગયા. તેણે ખુશીથી હવામાં મુક્કો માર્યો. સલીમ જાવેદના જીવન પર આધારીત ડોક્યુમેન્ટરી સિરીઝ ‘ઍંગ્રી યંગ મૅન’નું ટ્રેલર મંગળવારે લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સલીમ ખાન અને જાવેદ અખ્તર તેમના પરિવારો સાથે હાજર રહ્યા હતા. આ સિરીઝ લોંચ થઈ રહી છે, ત્યારે સલીમ જાવેદની સુપર હિટ જોડી ફરી એક વખત કોઈ ફિલ્મ માટે પણ સાથે આવે તેવી અપેક્ષા તેમના ફૅન્સ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. કારણ કે થોડાં વખત પહેલાં સલીમ ખાને એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે, તેઓ જાવેદ અખ્તર સાથે મળીને ફિલ્મ બનાવશે.







### ફિલ્મ સ્ત્રી-૨ સાથે વિકી કૌશલની ‘છાવા’ફિલ્મનું પણ ટીઝર કર્યું રિલીઝ

# ‘સ્ત્રી ૨’એ કૌશલના ફેન્સને આપી સરપ્રાઈઝ

વિકી કૌશલ તાજેતરમાં તેની રોમેન્ટિક-કોમેડી ‘બેડ ન્યૂઝ’ માટે ચર્ચામાં હતો. આ ફિલ્મને બોક્સ ઓફિસ પર જબરદસ્ત પ્રતિસાદ મળ્યો અને હવે અભિનેતા એક નવા જ અવતારમાં ફરી પાછો પડદા પર ધમાકો કરવા માટે તૈયાર છે ત્યારે વિકીની ફિલ્મ છાવાનું ટિઝર રિલિઝ થયું છે. વિકી કૌશલના ફેન્સ તેની આગામી ફિલ્મ ‘છાવા’ની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. વિકી આ ફિલ્મમાં એકદમ અલગ અંદાજમાં જોવા મળશે અને સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા ટીઝર દ્વારા આ વાતની પુષ્ટિ થઈ છે. વિકી કૌશલ અભિનીત ફિલ્મ ‘છાવા’નું ટીઝર ‘સ્ત્રી ૨’ના પ્રીમિયરની સાથે બતાવવામાં આવ્યું હતું, જેને લોકોએ પોતાના કેમેરામાં કેદ કરી લીધું હતું અને સોશિયલ મીડિયા પર ટીઝર જોવા મળતા સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યું. ત્યારે ‘છાવા’નું ટીઝર વિક્કીના ફેન્સ સુધી પહોંચતા જ ફેન્સ ઉત્સાહિત થઈ ગયા છે. મેડૉક ફિલ્મ્સે ફિલ્મની પહેલી ઝલક રિલીઝ કરીને વિકી કૌશલના ચાહકોને ખુશ કરી દીધા છે. છાવાના ટીઝરમાં વિકી કૌશલ અલગ એનર્જી અને અલગ અંદાજ સાથે જોવા મળે છે. આગામી ફિલ્મમાં, વિકી છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજની જબરદસ્ત ભૂમિકામાં જોવા મળશે. રિલીઝ થયેલા ટીઝરમાં સંભાજી મહારાજનો રોલ કરનાર વિકી કૌશલ અનેક સૈનિકો સાથે એકલા હાથે લડતા જોઈ શકાય છે. બીજી તરફ ચારે બાજુથી તેમના પર હુમલા થઈ રહ્યો છે. ત્યારે સંભાજી પોતાના હાથમાં દરવાજાનો એક ભાગનું લાકડું ઉખાડીને સીધા દુશ્મનોને મારવા તરફ દોડી જાય છે. ટીઝરમાં, વિકી લાંબી દાઢી, કપાળ પર તિલક અને લાંબા વાળ સાથે મરાઠા યોદ્ધાના લુકમાં જોવા મળે છે. આ પહેલા રણવીર સિંહ ‘બાજીરાવ મસ્તાની’માં મરાઠા યોદ્ધા તરીકે જોવા મળ્યો હતો. વિકી હંમેશા પોતાના અભિનયથી ચાહકોને ખુશ કરવામાં સફળ રહ્યો છે અને આ વખતે ફિલ્મનું ટીઝર દરેક જગ્યાએ છે. છાવામાં વિકી કૌશલ છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવશે અને તેની સાથે રશ્મિકા મંદન્ના મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. રશ્મિકા મંદન્ના ‘છાવા’માં સંભાજી મહારાજની પત્ની યેસુબાઈ ભોસલેની ભૂમિકા ભજવશે. આ બંને સિવાય અક્ષય ખન્ના, દિવ્યા દત્તા, આશુતોષ રાણા જેવા કલાકારો પણ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં જોવા મળવાના છે. આ ફિલ્મ આ વર્ષે ૬ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે, જેને લઈને વિકીના ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે.



### વેદાએ રિલીઝના પહેલા દિવસે સ્થાનિક બજારમાં રૂ. ૬.૫૨ કરોડની કમાણી કરી હતી

# જહોન અબ્રાહમ પરથી પ્રોડ્યુસર્સે વિશ્વાસ ગુમાવ્યો

તાજેતરમાં એક્ટર જહોન અબ્રાહમે એક ઈન્ટરવ્યુમાં તેની સામેના પ્રોડ્યુસરને પોતાની ફિલ્મોને સપોર્ટ કરવા માટે કન્વિન્સ કરવાના પડકારો વિશે વાત કરી હતી. એક પોડકાસ્ટ દરમિયાન જહોને ખુલાસો કર્યો કે તેને પ્રોડ્યુસર્સ સાથે કામ પાડવું ઘરું પડે છે કારણ કે ઘણા લોકો તેના વિચારોને ફગાવી દે છે અને બજેટના પ્રશ્નો ખડા કરે છે. આ પોડકાસ્ટમાં જહોને કહ્યું,“મેં ‘વિકી ડોનર’ ફિલ્મ પ્રોડ્યુસ કરી હતી. મેં ‘મદ્રાસ કાફે’ અને ‘બાટલા હાઉસ’ જેવી ફિલ્મો કરી, પરંતુ આજ સુધી મારે પ્રોડક્શન હાઉસને કન્વિન્સ કરવા પડે છે કે આ ફિલ્મ કઈ રીતે અલગ છે અને પ્લીઝ મારી ફિલ્મ માટે ફંડ કરો. આજ દિન સુધી એમને મારા પર ૧૦૦ ટકા ભરોસો નથી ને એ લોકો મને કહે છે કે બહુ જ બજેટ છે.” જહોન કહે છે કે તે પોતાની ક્ષમતા બહાર ફી વસૂલતો નથી, હવે તે પોતાની ફિલ્મ ‘વેદા’ની રિલીઝની તૈયારી કરી રહ્યો છે. આગળ આ પોડકાસ્ટમાં જહોને કહ્યું,“એક અભિનેતા તરીકે મારી ફી ફિલ્મનું ભારણ વધારતી નથી. હું માનું છું કે ફિલ્મને આવક થશે તો મને પણ આવક થશે. હું ફિલ્મનો બોજો વધારવામાં માનતો નથી. તો મારી ક્ષમતા અને મારા ધોરણો અનુસાર હું ફિલ્મ બનાવું છું. હું જે બનાવું છું તેના પર મને ગર્વ છે.” જહોને આ પોડકાસ્ટમાં એમ પણ કહ્યું કે તે વોટ્સએપનો ઉપયોગ કરતો નથી. તે માને છે કે તે તેના અને પ્રોડ્યુસર્સ વચ્ચે વિઘ્ન હોઈ શકે છે અને કદાચ તેના કારણે તેમને પ્રતિસાદ આપવામાં સમય લાગતો હોવો જોઈએ.“મેં એક સ્ટુડિયો હેડને ટેક્સ્ટ મેસેજ કરેલો અને તેણે મને કહ્યું કે એ મને પછી જણાવશે પરંતુ એ વાતને આજે ૪.૫ મહિના થઈ ગયા પણ મને આજ સુધી કોઈ જવાબ મળ્યો નથી. મને ખરાબ નથી લાગ્યું પરંતુ મને કમ સે કમ કોઈ જવાબ મળવો જોઈએ. હું માનું છું કે જો લોકો મારામાં જરાક પણ વિશ્વાસ મુકશે તો હું ભારતીય સિનેમામાં થોડું પરિવર્તન લાવવાની કોશિશ કરીશ. હું એવું નથી કહેતો કે હું મોટું પરિવર્તન લાવી દઈશ, પરંતુ મારે કોશિશ જરૂર કરવી છે.” વેદાના બોક્સ ઓફિસ કલેક્શન દિવસ ૧: જહોન અબ્રાહમે છ વર્ષમાં સર્વશ્રેષ્ઠ પદાર્પણ કર્યું, પરંતુ હજુ પણ સિંગલ-ડિજિટ શ્રાપને તોડી શક્યો નથી, વેદાના બોક્સ ઓફિસ કલેક્શન દિવસ ૧: જહોન અબ્રાહમ અને શર્વરી વાઘ અભિનીત, એક્શન ફિલ્મે થિયેટરોમાં તેના પ્રથમ દિવસે ૬.૫ કરોડની કમાણી કરી હતી. જહોન અબ્રાહમ, શર્વરી વાઘ અને તમન્ના ભાટિયા અભિનીત વેદાન સ્વતંત્રતા દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. હોરર કોમેડી સ્ત્રી ૨ અને અક્ષય કુમારની ખેલ ખેલ મેં સાથે આ ફિલ્મને બોક્સ ઓફિસ પર ત્રણ-તરફી ટક્કરનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે વેદ સ્ત્રી ૨ કરતા ઘણો પાછળ છે, ત્યારે એક્શન ડ્રામા અક્ષયની ફિલ્મને પાછળ રાખી દે છે. ઈન્ડસ્ટ્રી ટ્રેકર સેકનિલ્કના જણાવ્યા અનુસાર, વેદાએ રિલીઝના પહેલા દિવસે સ્થાનિક બજારમાં રૂ. ૬.૫૨ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મે તેના હિન્દી વર્ઝનમાંથી રૂ. ૬.૫ કરોડની કમાણી કરી હતી.



**મેં ‘મદ્રાસ કાફે’ અને ‘બાટલા હાઉસ’ જેવી ફિલ્મો કરી, પણ આજ સુધી મારે પ્રોડક્શન હાઉસને કન્વિન્સ કરવા પડે**

# ‘ચંદુ ચેમ્પિયન’ જોયા બાદ મનુ ભાકરે કાર્તિક આર્યનના વખાણ કર્યા

## તાજેતરમાં જ પેરીસ ઓલિમ્પિકમાંથી પરત ફરેલી મનુ ભાકરએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ‘ચંદુ ચેમ્પિયન’ જોતી વખતે એક તસ્વીર શેર કરી હતી



બોલિવૂડ સ્ટાર કાર્તિક આર્યનની પાછલી ફિલ્મ ‘ચંદુ ચેમ્પિયન’ના ખૂબ વખાણ થયા હતા. ક્રિટિક્સને ફિલ્મની વાર્તા કહેવાની સાથે સાથે કાર્તિકનું કામ પણ ગમ્યું. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ ના કરી શકી અને ફ્લોપ થઈ ગઈ. પરંતુ હવે ‘ચંદુ ચેમ્પિયન’ને એવી પ્રશંસા મળી છે કે કાર્તિકને લાગ્યું હશે કે આ ફિલ્મ બ્લોકબસ્ટર બની જશે.તાજેતરમાં પૂરા થયેલા પેરિસ ઓલિમ્પિકમાં ડબલ મેડલ જીતીને ઈતિહાસ રચનાર ભારતીય શૂટર મનુ ભાકેર ‘ચંદુ ચેમ્પિયન’ જોવા મળ્યો છે. ફિલ્મ જોયા બાદ તેણે કાર્તિકના વખાણ કરતી એક પોસ્ટ પણ લખી હતી. મનુના વખાણથી કાર્તિક પણ ઘણો ખુશ દેખાતો હતો.તાજેતરમાં જ ઓલિમ્પિકમાંથી પરત ફરેલી મનુએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ‘ચંદુ ચેમ્પિયન’ જોતી વખતે એક ફોટો શેર કર્યો હતો. ફિલ્મ અને કાર્તિકના વખાણ કરતા તેણે લખ્યું, ‘આખરે ઓલિમ્પિક સમાપ્ત થઈ ગયું અને ઘરે પહોંચતાની સાથે જ મેં ચંદુ ચેમ્પિયન જોયો અને આ ફિલ્મ મેં વિચારી હતી તેના કરતાં વધુ રિલેટેબલ બની. તૈયારીઓ, સંઘર્ષો, નિષ્ફળતાઓપ પરંતુ ક્યારેય હાર માનશો નહીં. કાર્તિક આર્યનને આ ભૂમિકા આટલી સહજતાથી નિભાવવા બદલ અભિનંદન. પોતે રમતવીર હોવાને કારણે, હું જાણું છું કે તે સરળ નથી... ખાસ કરીને તૈયારીનો ક્રમ. આ માટે તમારે મેડલ મળવો જોઈએ!!’ કાર્તિકે પણ મનુ ભાકરના વખાણ પર પ્રતિક્રિયા આપી હતી. મનુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા, તેણે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેની પ્રશંસા પણ શેર કરી. કાર્તિકે લખ્યું, ‘વાહ!!! આભાર મનુ ભાકર. જ્યારે તમારા જેવા વાસ્તવિક ચેમ્પિયન અમારી મહેનતના ફળની પ્રશંસા કરશે ત્યારે હું હંમેશા આવી ક્ષણોની પ્રશંસા કરીશ! દરેક ભારતીયને ગર્વની અનુભૂતિ કરાવવા માટે ચંદુ ચેમ્પિયન તરફથી તમને પ્રેમ અને કૃતજ્ઞતા. મનુએ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ ઈવેન્ટમાં મેડલ જીતનારી તે પ્રથમ ભારતીય મહિલા છે. આ પછી મનુએ ૧૦ મીટર એર પિસ્તોલની મિશ્ર સ્પર્ધામાં સરબજોત સિંહ સાથે તેનો બીજો બ્રોન્ઝ મેડલ જીત્યો. આ સાથે મનુ એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય બની હતી.કાર્તિકની વાત કરીએ તો તેની આગામી ફિલ્મ ‘ભૂલ ભુલૈયા ૩’ હશે. ફિલ્મમાં તેની સાથે કિયારા અડવાણી, તબ્બુ, માધુરી દીક્ષિત અને વિદ્યા બાલન જેવા કલાકારો કામ કરી રહ્યા છે. આ ફિલ્મ દિવાળી પર સિનેમાઘરોમાં રિલીઝ થશે.



## કે.વી.એસ. હાઈસ્કૂલ કડાણામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી




તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૬ ।

કડાણા વિભાગ સાર્વજનિક હાઈસ્કૂલના પટાંગણમાં ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી.બાળકો દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામો પણ રાખવામાં આવેલ હતા. ગ્રામજનો તેમજ વડીલો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.મંડળ તરફથી ધોરણ નવ અને દસ ના પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી ભાઈ બહેનોને પ્રોત્સાહક ઈનામ આપવા માં આવેલ હતું. તેમજ વકૃત્વ સ્પર્ધા ચિત્ર સ્પર્ધા ઉપરાંત વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ બાળકોને પણ પ્રોત્સાહિત કર્યા હતા. ધ્વજ વંદન કરી કાર્યક્રમ નિહાળી રાષ્ટ્રગાન બાદ સૌ છૂટા પડ્યા હતા.

### ઝાલોદ તાલુકામાં સ્વાતંત્ર્ય પર્વની ઉલ્લાસભેર ઉજવણી

## સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમો કરી ઉત્સાહથી ઉજવણી કરતાં દેશભક્તિનો માહોલ જોવા મળ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

આજના સ્વાતંત્ર્ય દિવસ નિમિતે દરેક ભારતીય કોઈને કોઈ સ્વરૂપે દેશપ્રેમ વ્યક્ત કરતા જ હોય છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘હર ઘર તિરંગા’ અભિયાન શરૂ કરાવીને તેમની રાષ્ટ્રચેતનાને વધુ પ્રબળ બનાવી છે. આ અભિયાનથી તમામ ભારતીયો પોતે ભારતીય હોવા પર ગર્વ અનુભવી રહ્યા છે. ઝાલોદ તાલુકામાં પ્રાંત અધિકારી એ. કે.ભાટિયાની ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામા આવી હતી. આ દિવસ નિમિતે દેશભક્તિના નારાઓ વચ્ચે વહેલી સવારથી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

કાર્યક્રમના અંતે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ વ્યક્તિ વિશેષ તેમજ અભ્યાસમાં શ્રેષ્ઠ દેખાવ બદલ સન્માન પત્ર તેમજ ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું.પ્રાંત અધિકારી એ.કે. ભાટિયા દ્વારા ધ્વજવંદન કર્યા બાદ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલુકામાં માં ઠેરઠેર રેલીઓ, સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમો, શાળાઓમાં ઉત્સાહથી ઉજવણી સહિત જશ્નનો માહોલ જોવા મળ્યો હતો.

આ પર્વમાં તાલુકા વિકાસ અધિકારી કે.એચ. ગઢવી, ઝાલોદ મામલતદાર શૈલેન્દ્ર પરમાર, લીમડી પી.એસ.આઈ વી.જી.ગોહિલ, ફોરેસ્ટ ઓફિસરો ,જીલ્લા, તાલુકા સભ્યો અને સરપંચો, આગેવાનો સહિત,પદાધિકારીઓ, પોલીસકર્મીઓ, શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ઝાલોદ નગરપાલિકામા ધ્વજવંદન કાર્યક્રમમાં જોવાઈ ગંભીર બેદરકારી : પાણીથી ભરેલા ખાબોચિયા જોવા મળ્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ભારત વડાપ્રધાન નરેન્દ્રમોદી હર ઘર તિરંગાનું સૂત્ર આપી દેશપ્રેમ થી લોકોને જાગૃત કરવા અભિયાન ચલાવી રહેલ છે ત્યારે ઝાલોદ નગરપાલિકામાં તિરંગાનું અપમાન થયેલું હોય એમ જાણવા મળે છે. નગરના વહીવટદાર તેમજ ચીફ ઓફિસર આજે ધ્વજવંદન સ્થળે જોવા મળ્યા ન હતા તેમજ પાલિકા દ્વારા ધ્વજવંદન કાર્યક્રમમા વેઠ ઉતારવામાં આવી હોય તેવું લાગી રહેલ છે. ઝાલોદ નગરપાલિકાની નગરમાં રોડ રસ્તા, ગટર, લાઈટ જેવા મુદ્દાઓને લઈ સતત બેદરકારી નગરમાં જોવા મળી રહેલ છે. નગરપાલિકા દ્વારા ૭૮ માં સ્વાતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી રહેલ હતી અને પાલિકા દ્વારા નગરમાં સ્વાતંત્ર દિનની ઉજવણી પ્રસંગે હાજર રહેવા નગરજનોને આમંત્રણ પણ આપેલું હતું પણ ત્યાં નગરજનો પહોંચતા પાલિકાની ગંભીર બેદરકારી જોવા મળી હતી, પાલિકા દ્વારા સ્વાતંત્ર દિનની ઉજવણી પ્રસંગે કોઈ કામગીરી એડવાન્સમા કરી હોય તેમ જોવા મળતું ન હતું. નગરજનો આવ્યા બાદ ધ્વજવંદન સ્થળે સફેદ પટ્ટા મારી ઉભા રહેવાની જગ્યા દોરવામાં આવી હતી. તેમજ પાલિકા દ્વારા નગરમાં આપેલ પત્રિકામાં નગરના વહીવટદાર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું અને ચીફ ઓફિસરને વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવનાર હતું. પરંતુ ધ્વજવંદન કાર્યક્રમમાં બંનેની ગેરહાજરી જોવા મળી હતી.

નગરપાલિકામા પૂછવામાં આવતા જવાબ મળ્યો હતો કે વહીવટદાર તાલુકા કક્ષાની ઉજવણીમાં ગયેલ હતા અને ચીફ ઓફિસર બીમાર છે તેવા જવાબ મળેલ હતા. પાલિકાના ધ્વજવંદન સ્થળે જોડાયેલ ખાડાઓમા પાણી ભરાયેલ જોવા મળેલ હતું. તેથી આસપાસનો વિસ્તાર ગંદો જોવા મળતો હતો તેથી ઉપસ્થિત લોકોમા ચર્ચા જોવા મળી કે પાલિકા પોતાના સ્થળને સ્વચ્છ નથી રાખી શકતી તો નગરનો શું વિકાસ કરવાના.પાલિકાના માજી કાઉન્સિલર ગરાસિયા લલકાભાઈ દ્વારા ટાઈમ કરતા મોડા ધ્વજવંદન થતાં તેને પાલિકાની બેદરકારી ગણાવી હતી તેમજ જ પાલિકાના ધ્વજવંદન સ્થળે જે ગંદકી જોવા મળી છે તો તે માટે પાલિકાના જવાબદાર લોકો પર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવેલ છે.

## ઝાલોદ કોલેજમાં ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ ખાતે કોલેજમાં ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી એસ. આર. રાવ ઉપસ્થિત રહી ધ્વજારોહણ કર્યું હતું. તેમજ શ્રી એસ. આર. રાવ સાહેબ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં આચાર્યશ્રી મધુકર પટેલ સાહેબ સહિત તમામ કોલેજ પરિવારના સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કોલેજના એન. સી. સી. વિદ્યાર્થીઓએ પરેડ કરી હતી. તેમજ એન. એન. એસ.ના વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીત ઉપર નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓમાં દેશભક્તિ જાગૃત થાય તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

## ઝાલોદ તાલુકાના ચિત્રોડિયા ગામની મહિલાને અચાનક પ્રસૂતિનો દુખાવો ઉપડતા ૧૦૮ એમ્બ્યુલન્સના ડોક્ટર દ્વારા સફળ ડિલીવરી કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।



ગામ ચિત્રોડીયા ગામના મંદિર ફળિયામા રહેતા ૨૮ વર્ષના કોકિલાબેન કાળુભાઈ કટારાને અચાનક ડીલેવરીનો દુખાવો ઉપડતા પાડોશી આશાવર્કર મધુબેન દ્વારા ૧૦૮મા કોલ કરવામાં આવ્યો હતો. ૧૦૮ ની મદદ માંગતા તરતજ ૧૦૮ ના સ્ટાફ EMT આશિષ.કે.ડામોર અને દિવ્યરાજ સિંહ એમના ઘરે ૧૦૮ એમ્બ્યુલન્સ લઈ જવા રવાના થયા હતા. ત્યાં પહોંચતા જે બેનને પ્રસૂતિ આવવાની હતી તે બેનની તપાસ કરતા જણાયું કે બેનના પ્રસુતિનો દુખાવો વધારે હોવાથી બેનને એમ્બ્યુલન્સમા જ ડીલેવરી કરાવી પડે તેમ હતું એટલે ૧૦૮ એમ્બ્યુલન્સના ડોક્ટર દ્વારા ફિસ્શિન ડૉ.પરમારના માર્ગદર્શન થી બેનને બહુજ કાળજી પૂર્વક એમ્બ્યુલન્સમા ડીલેવરી કરાવી. ડૉ. પરમારના માર્ગદર્શનથી જરૂરી ટ્રિટમેન્ટ આપી નજીકની CHC હોસ્પિટલમા શિફ્ટ કર્યા હતા ત્યાં પ્રસૂતિ કરવામાં આવેલ મહિલા અને બાળકની હાલત સારી હોવાનું ત્યાંના ડોક્ટરે જણાવેલ હતું. તેથી સફળ કામગીરી કરનાર ૧૦૮ ના સ્ટાફનો આભાર પરિવારજનો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ધોળાકુવા પ્રાથમિક શાળા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉલ્લાસભેર ઉજવણી



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૧૬ ।

કપડવંજ તાલુકાના ધોળાકુવા પ્રાથમિક શાળા ખાતે તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકીના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે અગાઉ ત્રિરંગા યાત્રા પણ ગામના મુખ્ય માર્ગો પર યોજવામાં આવી હતી. સમગ્ર ધોળાકુવા ગામ દેશ ભક્તિના રંગે રંગાઈ ગયું હતું. ધોળાકુવા પ્રાથમિક શાળા ખાતે સ્વાતંત્ર્ય પર્વ ઉજવણીના ભાગ રૂપે દેશ ભક્તિના વિવિધ કાર્યક્રમો પણ યોજાયા હતા. કપડવંજ તાલુકા પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકીના મુખ્ય મહેમાન પદે યોજાયેલ આ કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રી રણજીતસિંહ ઝાલા, ગ્રામ પંચાયતના સદસ્યો, શાળા પરિવારના સર્વે સદસ્યો, ગામ આગેવાનો, શાળાના આચાર્યશ્રી, શિક્ષક ગણ અને વ્હાલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ઉમંગભેર જોડાઈ સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી કરી હતી.

## “શ્રી જે.એચ.મહેતા હાઈસ્કૂલના પટાંગણમાં ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી આનંદ ઉલ્લાસથી કરવામાં આવી”




તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૧૬ ।

શ્રી કાશીબેન પ્રાણલાલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત જે.એચ. મહેતા હાઈસ્કૂલના પટાંગણમાં ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી સિંચાઈ વિભાગના નિવૃત્ત કાર્યપાલક ઈજનેર રમેશભાઈ એમ. ડામોરના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેઓએ પ્રાસંગિક પ્રવચન કર્યુ અને શાળના જુદા જુદા વિભાગનાં બાળકો દ્વારા ઝંડા ગીત, રાષ્ટ્ર ગીત, દેશભકિત ગીત તેમજ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આચાર્ય વિપુલભાઈ પટેલ અને સૌ કર્મચારિના સાથસહકારથી બાળકોને સરસ માર્ગદર્શન પૂરું પાડવાથી બધાજ બાળકોએ સારો દેખાવ કરી કાર્યક્રમ આનંદ ઉલ્લાસ ભેર પૂર્ણ કર્યો હતો.

## ઝાલોદ સનાતન વર્લ્ડ પરિવાર અને સનાતન ધર્મ સમિતિ દ્વારા અખંડ ભારત દિવસ નિમિત્તે મશાલ રેલીનું આયોજન કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

૧૪’’ ઑગસ્ટ એટલે અખંડ ભારત દિવસ. આ દિવસને ભારત દેશના નાગરિકો ધીરે ધીરે ભૂલવા લાગ્યા છે, અખંડ ભારત એટલે આપણે આપણા ઈતિહાસને યાદ કરી તેની સ્મૃતિ મનમાં લાવવાનો દિવસ. ૧૪’’ ઑગસ્ટને વિભાજન વિભીષીકા દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આઝાદી પહેલા જ્યારે અખંડ ભારત હતું તે સમયે દેશના વિભાજનનો દર્દ તેમજ લોકોએ જે સંઘર્ષ કર્યા અને બલિદાન આપ્યા તેમને આજના ભારતમાં યાદ કરવું ખૂબ જરૂરી છે , આ દિવસે વિભાજનને લઈ લાખો લોકોના મૃત્યુ થયા હતા આવા નિર્દોષ લોકોને આજે પણ ભારત દેશના નાગરિકો યાદ કરે છે અને રડી પણ પડે છે. અખંડ ભારત દેશ એટલે ૧૯૪૭ પહેલા એટલે કે આઝાદી પહેલા બાંગ્લાદેશ અને પાકિસ્તાન ભારત દેશના જ ભાગ હતા. અખંડ ભારતનો મતલબ જે દેશો ભારત થી જુદા થયેલ છે તેને એક કરી ફરી અખંડ ભારત બનાવવામાં આવે.

જે લોકો ભારતને પોતાની માતા માને છે અને વંદે માતરમ્ અને રાષ્ટ્રગીત જેમની ઓળખાણ છે એવા અખંડ ભારત સમયે નિર્દોષ રીતે લાખો લોકોના મૃત્યું થયાં હતાં , જેમના મનમાં માતૃભૂમિ થી અલગ થવાની વેદના હતી તેવા તમામ લોકોને યાદ કરવાનો દિવસ એટલે અખંડ ભારત દિવસ.

ઝાલોદ નગરમાં સનાતન વર્લ્ડ પરિવાર અને સનાતન ધર્મ સમિતિ દ્વારા અખંડ ભારત એક ભારતના સંકલ્પ રૂપે મશાલ રેલીનું આયોજન ૧૪ ઑગસ્ટની રાત્રે ૮ વાગે કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ૨૦૦ થી વધુ લોકો જોડાયા હતા. મશાલ રેલી મીઠાચોક,રામસાગર તળાવ, લુહારવાડા, શહિદ રાજેશ ચોક, ડબગર વાસ, આંબેડકર ચોક, સરદાર પટેલ ચોક થઈ ભરત ટાવરના માર્ગે નીકળી હતી. આ રેલીમાં મહિલાઓ પણ મોટા પ્રમાણમાં જોડાઈ હતી. આખી રેલી વંદે માતરમ્, ભારત માતા કી જયઘોષ સાથે નીકળી હતી. છેલ્લે રેલીમાં જોડાયેલ સહુ લોકોએ ભારત માતાની પ્રતિમાનુ પૂજન કર્યું હતું.

## કપડવંજના સુણદા ગામે “હર ઘર તિરંગા ઘર ઘર તિરંગા” અંતર્ગત પ્રધાનમંત્રી એલપીજી પંચાયત યોજાઈ

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૧૬ ।




કપડવંજ તાલુકાના સુણદા ગ્રામ પંચાયતની ચંદ્રનગર પ્રાથમિક શાળા ખાતે ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કપડવંજની શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સી દ્વારા પ્રધાનમંત્રી એલપીજી પંચાયત પણ યોજવામાં આવી હતી. ગેસ એજન્સીના સંચાલક શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ અને તેમની ટીમ દ્વારા દેશની મહિલાઓને ધૂમાડાથી આઝાદી અપાવામાં પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાનું યોગદાનની માહિતી સાથે ગેસ લિકેજ ઈમરજન્સી સંજોગોમાં “શું કરવું અને શું ના કરવું.’’ તેની વિગતવાર માહિતી આપી ગેસ લિકેજની આપાત કાલિન સમયમાં ૧૯૦૬ની સેવાની પણ માહિતી આપી હતી. ચંદ્રનગર પ્રાથમિક શાળા, સુણદા ખાતે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કપડવંજની શ્રી નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સી દ્વારા એલપીજી પંચાયત યોજી પ્રધાનમંત્રી ઉજજવલા યોજનાની સંપૂર્ણ માહિતી, ગેસ જોડાણના ઉપયોગ, વપરાશ વખતે રાખવાની થતી કાળજી અને સાવધાની તથા આપાત કાલિન સંજોગોમાં જાગૃતિ પૂર્વક લેવાના પગલાં સહિતની સંપૂર્ણ માહિતી સરળ રીતે આપવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે માનસિક નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની થોડી વધુ દરકાર લેવાની જરૂર. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા વિચારો આશાવાદી અને ઉજળી બાજુ જોવાનો રસ્તો બતાવવા માટે મદદ કરશે. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.



**કર્ક (ડ,હ) :**

આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.



**સિંહ (મ,ટ) :**

આજે ખૂબ વ્યસ્તતા હોવા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે પરિવાર સાથે થોડી મોજ-મજા કરવા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.



**તુલા (ર,ત) :**

આજે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને વધુ આનંદ અને ગૌરવ આપશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે બ્લ્ડ પ્રેશરના દર્દીઓ લોહીનું દબાણ ઘટાડવા રેડ ખોરાક પર સંતુલન રાખે અને તેના લીધે કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રહેશે જેથી કોઈ પ્રકારની દવા લેવાની જરું ના રહે. આનાથી તેમને વધુ માનસિક રાહત થશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે કેમ કે તેને કારણે ઊર્જા વેડફાય છે અને નિર્ણય લેવાની ક્ષમતાને મંદ બનાવે છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે.



**મકર (ખ,જ) :**

આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. ચિંતા ન કરતા આજે તમારા દુ:ખ બરફની જેમ ઓગળી જશે. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે, પરંતુ તમે તમારી પોતાની ધૂન માં મસ્ત હશો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે પત્ની તમારો ઉત્સાહ વધારશે જેના લીધે તમને કામ કરવાની લગન લાગશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો. તમારી ભાવિ પેઢી તમને હંમેશાં આ ભેટ માટે યાદ રાખશે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ ઓગસ્ટના રોજ દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કરતા.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ ઓગસ્ટના રોજ દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે ધ્વજ ફરકાવતા.



વડાપ્રધાન મોદી ૧૫ ઓગસ્ટના રોજ દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે ૭૮મા સ્વતંત્રતા દિવસના અવસરે રાષ્ટ્રને સંબોધિત કરતાં નજરે પડે છે.





૧૫ ઓગસ્ટના રોજ દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે ૭૮મા સ્વતંત્રતા દિવસના અવસરે રાષ્ટ્રને સંબોધન કર્યા પછી વડાપ્રધાન મોદી.

### નડ્ડા, રાજનાથ સિંહ, ઓમ બિરલાએ શ્રદ્ધાંજલિ આપી

# વાજપેયીની પુણ્યતિથિ પર રાષ્ટ્રપતિ અને પીએમ મોદીએ આપી શ્રદ્ધાંજલી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

આજે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ છે. અટલ બિહારી વાજપેયીએ ૧૬ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ ૯૪ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર તેમના સ્મારક 'સદૈવ અટલ'ની મુલાકાત લઈને શ્રદ્ધાંજલિ આપી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે પણ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ પર તેમના સ્મારક 'સદૈવ અટલ'ની મુલાકાત લીધી હતી અને પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપવા માટે 'સદૈવ અટલ' સ્મારક પહોંચ્યા હતા. પીએમ મોદીએ અટલ બિહારી વાજપેયીના સ્મારક સ્થળ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. પીએમ મોદી સાથે કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને પાર્ટી અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા પણ હાજર હતા.



### દેશનો ઝંડો ઊંચો લહેરાવીને આવ્યા : મોદી

# મોદીએ ઓલિમ્પિકથી પરત ફરેલા ખેલાડીઓ સાથે કરી વાતચીત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ફ્રાન્સની રાજધાની પેરિસમાં આ વખતે ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ દરમિયાન ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતે એક સિલ્વર સાથે પાંચ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. કુલ ૧૧૭ ભારતીય એથ્લિટસ પેરિસ ઓલિમ્પિકમાં ગયા હતા, તેઓ દેશમાં પરત ફર્યા બાદ ૧૫ ઓગસ્ટના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમને મળ્યા હતા અને તેમના અનુભવો વિશે જાણ્યું હતું. વડાપ્રધાન મોદીએ ખેલાડીઓને કહ્યું કે, તમે દેશનો ઝંડો ઊંચો લહેરાવીને આવ્યા છો અને આપણે એવું ન વિચારવું જોઈએ કે આપણે પાછળ રહી ગયા છીએ, પરંતુ આપણે ઘણું શીખીને પાછા આવ્યા છીએ તેમ વિચારવું જોઈએ. એથ્લિટસ સાથે વાતચીત કરતી વખતે પીએમ મોદીએ તેમને પૂછ્યું કે, "તમે મેદાન પર શું કર્યું તે આખી દુનિયાએ જોયું, પરંતુ તે સિવાય તમે શું કર્યું?" આ અંગે પેરિસ ઓલિમ્પિકમાં પોતાની રમતથી બધાને પ્રભાવિત કરનાર સ્ટાર યુવા બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેને કહ્યું કે, મારી ટૂર્નામેન્ટ ઘણી લાંબી હતી અને મારું મોટાભાગનું ધ્યાન મારી મેચો પર હતું. જ્યારે પણ અમને સમય મળતો ત્યારે અમે બધા સાથે ડિનર પર જતા હતા અને અમે ત્યાં



ઘણા ખેલાડીઓને પણ મળ્યા હતા અને અમે તેમની પાસેથી ઘણું શીખ્યા જે અમારા માટે મોટી વાત છે. ત્યાંના વાતાવરણમાંથી મને ઘણું શીખવા મળ્યું કારણ કે આ મારી પ્રથમ ઓલિમ્પિક પણ હતી.

ભારતીય હોકી ટીમના અનુભવી ગોલકીપર PR શ્રીજેશે પણ પેરિસ ઓલિમ્પિકના અંત સાથે આંતરરાષ્ટ્રીય હોકીમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. જ્યારે પીએમ મોદીએ તેમને નિવૃત્તિના નિર્ણય વિશે પૂછ્યું તો શ્રીજેશે કહ્યું કે, હું છેલ્લા કેટલાક સમયથી તેના વિશે વિચારી રહ્યો હતો. મને એવું લાગ્યું કે હું ૨૦૦૨માં પહેલીવાર કેમ્પ માં ગયો હતો અને અત્યાર સુધી રમી રહ્યો છું.

## અખિલેશ યાદવ-મુલાયમ અને માયાવતીને છોડી દીધા પાછળ

। લખનૌ, તા.૧૬ ।

યોગી આદિત્યનાથ હવે ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ સમય સુધી સેવા આપનાર મુખ્યમંત્રી બની ગયા છે. યોગી આદિત્યનાથના નામે સતત ૭ વર્ષ અને ૧૪૮ દિવસ સુધી સીએમ બનવાનો રેકોર્ડ છે. યોગી આદિત્યનાથ પહેલા કોંગ્રેસના મુખ્યમંત્રી ડો. સંપૂર્ણાનંદ સૌથી લાંબા સમય સુધી આ પદ સંભાળી ચુક્યા છે. બસપા સુપ્રીમો માયાવતીએ ચાર વખત અને સમાજવાદી પાર્ટીના મુલાયમ સિંહે ત્રણ વખત શપથ લીધા.

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ફરી એકવાર ચર્ચામાં આવ્યા

# ભારતીય જનતા પાર્ટીના નેતા ડો. સુબ્રમણ્યમ સ્વામીએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી

### રાહુલ ગાંધીની ભારતની નાગરિકતાને રદ કરી દેવાની માંગ કરી : પાંચ વર્ષ પહેલા ગૃહ મંત્રાલયમાં પણ કરી હતી અરજી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ફરી એકવાર ચર્ચામાં છે. પૂર્વ રાજ્યસભા સાંસદ અને દિગ્ગજ ભાજપ નેતા ડૉ. સુબ્રમણ્યમ સ્વામીએ દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી હતી અને રાહુલ ગાંધીની ભારતની નાગરિકતાને રદ કરી દેવાની માગ કરી હતી. પોતાની અરજીમાં સુબ્રમણ્યમ સ્વામીએ રાહુલ ગાંધીની નાગરિકતા રદ કરવા માટે ગૃહ મંત્રાલયને નિર્દેશ આપવાની માગ કરી છે. આ અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં આગામી અઠવાડિયે સુનાવણી હાથ ધરાવમાં આવી શકે છે. અરજીમાં સ્વામીએ દાવો કર્યો છે કે મેં પાંચ વર્ષ પહેલા ગૃહ મંત્રાલયને ફરિયાદ કરી હતી. અત્યાર સુધી તેમાં સ્પષ્ટ નથી કરાયું કે આ મુદ્દે ગૃહ મંત્રાલયે કયો નિર્ણય લીધો છે કે પછી શું કાર્યવાહી કરી છે? સ્વામીએ અરજીમાં માગ કરી છે કે દિલ્હી હાઈકોર્ટ ગૃહ મંત્રાલય પાસેથી સ્ટેટ્સ રિપોર્ટ માગે. રાહુલની નાગરિકતા પર આરટીઆઈથી માગવામાં આવેલી જાણકારીના અરજીના જવાબમાં કેન્દ્ર સરકારે કોઈપણ પ્રકારની માહિતી શેર કરવાનો ઈનકાર કરી દીધો હતો.

એક વ્યક્તિએ માહિતીના અધિકાર એટલે કે આરટીઆઈ હેઠળ કેન્દ્રીય ગૃહ મંત્રાલય પાસે રાહુલની નાગરિકતા વિશે માહિતી માગી હતી. તેના જવાબમાં મંત્રાલયે કહ્યું કે આરટીઆઈ એક્ટની કલમ ૮(૧)(એચ) અને (જે) હેઠળ કોઈ ખુલાસો ન કરી શકાય. જાણકારી આપવાથી તપાસ પ્રક્રિયામાં અવરોધ પેદા થશે.

### સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકારનો ઉધડો લીધો

# અમે લાડલી બેહન યોજના અને મફત જેવી અન્ય ઘણી યોજનાઓ પર રોક લગાવી દઈશું

### સુપ્રીમ કોર્ટે જમીન અધિગ્રહણના છ દાયકા જુના મામલે મહારાષ્ટ્ર સરકારને ઠપકો આપ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને ફટકાર લગાવીને ચેતવણી પણ આપી હતી કે 'અમે લાડલી બેહન યોજના અને મફત જેવી અન્ય ઘણી યોજનાઓ પર રોક લગાવી દઈશું.' સુપ્રીમ કોર્ટે જમીન અધિગ્રહણના છ દાયકા જુના મામલે રાજ્ય સરકારને ઠપકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે વર્ષો જુનો પડતર જમીનના મામલે મહારાષ્ટ્ર સરકારને ઉધડો લઈ નાખી હતી. સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવીને કહ્યું હતું કે 'જો જમીન અધિગ્રહણ માટે વળતર આપવામાં આવશે નહીં તો અમે (કોર્ટ) લાડલી બહેન જેવી અન્ય ઘણી યોજનાઓ બંધ કરી દઈશું. નોંધનીય છેકે જમીન જમીન અધિગ્રહણનો આ મામલો લગભગ ૬ દાયકા જૂનો છે.' આ મામલો એવો છે કે રાજ્યએ લગભગ છ દાયકા પહેલાં વ્યક્તિની મિલકત ગેરકાયદે રીતે કબજે કરી લીધી હતી અને બદલામાં તેમને નોટીફાઈડ (સૂચિત) ફોરેસ્ટ જમીન ફાળવી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને ચેતવણી આપીને ઠપકો આપીને કહ્યું હતું કે 'જો જમીન ગુમાવનાર વ્યક્તિને યોગ્ય વળતર નહીં આપવામાં આવે તો ગેરકાયદે અધિગ્રહણ કરેલી જમીન પર બાંધવામાં આવેલા બાંધકામોને તોડી પાડવામાં આવશે.' આ ઉપરાંત સુનાવણી દરમિયાન જસ્ટીસે કહ્યું કે 'જો અમને રકમ યોગ્ય નહીં લાગે તો અમે સ્ટ્રક્ચર તોડી પાડવા માટે સૂચના આપીશું. યોગ્ય ભાવનો આંકડો લઈને આવો તેમજ તમારા મુખ્ય સચિવને મુખ્યમંત્રી સાથે વાત કરવાનું પણ કહો નહીંતર અમે તમામ યોજનાઓ બંધ કરી દઈશું.'

# રાજ્યમાં રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સંગીન બનાવવા રૂ. ૫૦૧૭ કરોડની ફાળવણીની મુખ્યમંત્રીની જાહેરાત

। નડિયાદ, તા.૧૬ ।

ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સરદાર સાહેબની જન્મ ભૂમિ ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય ઉજવણીમાં ત્રિરંગો લહેરાવી ધ્વજ વંદના કરાવતાં સુગમતા, સરળતા, સંપર્ક, સમર્પણ, સહભાગિતા, સશક્તિકરણ અને સુરક્ષા એમ સુશાસનના સાત સપ્તર્ષિ સંકલ્પોની વિભાવના સ્પષ્ટ કરી હતી.

તેમણે પ્રસંગે બે મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સંગીન બનાવવા માર્ગોના વિસ્તૃતિકરણ અને મજબૂતીકરણ માટે રૂ. ૫૦૧૭ કરોડની ફાળવણી કરવાની તેમજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં રાજ્યના વધુ લોકોને આવરી લેવાના હેતુંથી જરૂરતમંદ એન.એફ.એસ.એ. પરિવારોની માસિક આવકની મર્યાદા રૂ. ૧૫ હજારથી વધારીને રૂ. ૨૦ હજાર કરવાની પણ તેમણે ઘોષણા કરી હતી.

મુખ્યમંત્રીએ વિકસીત ભારતના નિર્ણમાણ માટેની પ્રધાનમંત્રીના નેમને સાકાર કરવા માટે વિકસિત ગુજરાતના યોગદાનમાં સુશાસનના સાત સપ્તર્ષિ સંકલ્પોથી એગ્રેસર રહેવા ગુજરાત વાસીયોને આહવાન કર્યું હતું. ભુપેનેદ્ર પટેલે કહ્યું હતું કે, જેમ દેશની આઝાદીના જંગમાં ગુજરાતના મહાત્મા ગાંધી અને સરદાર સાહેબના નેતૃત્વમાં દેશને સ્વરાજ્ય અપ ાવ્યું હતું તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં આ સુશાસન સપ્તર્ષિથી ગુજરાત પથદર્શક બનશે. સુશાસનના ત્રીજા સંકલ્પ સંપર્ક અંતર્ગત આધુનિક સંપર્કના માધ્યમોથી લોકો પોતાની રજૂઆતો સરકાર સુધી ઝડપભેર અને સરળતાથી પહોંચાડી શકે અને સરકાર પણ સામે ચાલીને તેનું સમાધાન લાવે તેવા પ્રયત્ન કરાશે. આ માટે ડિઝીટલ ગુજરાત, સ્વાગત ઓનલાઈન, સીએમ ડેશબોર્ડ, વોટ્સએપ બોટ, રાઈટ ટુ સીએમ સહિતના પ્રજા અને પ્રશાસન વચ્ચેના સંપર્ક માધ્યમોને વધુ અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ કરાશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, અમે નાગરિકોની સેવામાં સમર્પિત છીએ. નેશન ફર્સ્ટના ભાવથી કામ કરી દરેક ગુજરાતીમાં દેશ પ્રત્યેનો ભાવ બળવત્તર બને તેવો સરકારનો ધ્યેય છે. વિકાસના કેન્દ્ર બિંદુ એવા વિવિધ વંચિત વર્ગો આદિજાતિ, મહિલાઓ તથા ગરીબોના સશક્તિકરણનો સુશાસન સપ્તર્ષિના છઠ્ઠા સંકલ્પ તરીકે મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.

ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય વિધેયક એમ ત્રણ નવા કાયદાઓ હવે અમલી થતાં સમગ્ર દેશમાં એક જ ન્યાયદંડ સંહિતા લાગુ થઈ છે. આ નવા કાયદાઓથી ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી બનશે અને લોકોની સલામતી માટે યોગ્ય પગલાં લઈ શકાશે.

વિકસિત ગુજરાત @૨૦૪૭ નું દિશાદર્શન કરાવતો વિઝન ડોક્યુમેન્ટ રાજ્ય સરકારે અર્નિંગ વેલ અને લિવિંગ વેલના બે મુખ્ય આધાર પર તૈયાર કર્યો છે. તેની ભૂમિકા આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાત અને ગુજરાતીઓ વેપાર વાણિજ્યમાં અગ્રેસર રહ્યા છે. કૃષિ, ઉદ્યોગ, સેવા સહિતના ક્ષેત્રોના વિકાસ અને તમામ નાગરિકોની આર્થિક પ્રગતિનો ધ્યેય પણ રાજ્ય સરકારે રાખ્યો છે. વાયબ્રન્ટ ગુજરાત અને પોલીસી ડ્રિવન એપ્રોચથી ગુજરાતનો આર્થિક પાયો મજબૂત થયો છે.

''અર્નિંગ વેલ''ની દિશામાં રાજ્યમાં અનેક યોજનાઓના અમલીકરણ થકી નેત્રદીપક કામગીરી થઈ રહી છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિની સફળતાને પગલે ગુજરાત 'ગ્લોબલ ડેસ્ટિનેશન ફોર સેમિકંડક્ટર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ' તરીકે સ્થાપિત થઈ રહ્યું છે અને આ ક્ષેત્રમાં રૂ. એક લાખ કરોડથી વધુનું રોકાણ થયું છે. એટલું જ નહી, ભારતની પહેલી સેમિકન્ડક્ટર ચિપનું નિર્માણ ગુજરાતમાં થવાનું છે. ગ્રીન ગ્રોથ - રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતનું મહત્વનું યોગદાન રહેવાનું છે.

ઉક્ત બાબતમાં તેમણે ઉમેર્યું કે, ગુજરાત રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે અગ્રેસર રાજ્ય છે. કચ્છમાં વિશ્વના સૌથી મોટા ૩૭ ગીગાવૉટના સોલાર-વિન્ડ હાઈબ્રીડ એનર્જી પાર્કનું નિર્માણ ઝડપથી પૂર્ણ કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે. પીએમ સૂર્યઘર મુફ્ત બિજલી યોજના અંતર્ગત રહેણાંક મકાનોમાં સોલાર રૂફટોપ સિસ્ટમના અમલીકરણમાં દેશભરમાં ગુજરાત અગ્રેસર છે.

મુખ્યમંત્રીએ ''લિવિંગ વેલ''ની વિભાવના સ્પષ્ટ કરતા કહ્યું કે, નાગરિકોનું જીવન ધોરણ ઉંચુ આવે અને ઈઝ ઓફ લિવિંગ વધે તે માટે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ એમ સમાજના ચાર સ્તંભોને કેન્દ્ર બિંદુમાં રાખવામાં આવ્યા છે. પીએમ આવાસ યોજના હેઠળ ૫.૫૬ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરીને ગરીબોને આપવામાં આવ્યા છે. આદિજાતિઓના સર્વગ્રાહી કલ્યાણ માટે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં એમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શરૂ કરેલી રૂ. એક લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજનાથી આદિવાસી સમુદાયના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. આપણે એ યોજનાની સફળતાને પગલે વનબંધુ કલ્યાણ યોજના – ૨, ૨૦૨૧થી ૨૦૨૬ રૂ. એક લાખ કરોડની જોગવાઈ સાથે શરૂ કરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યના યુવાનો માટે કૌશલ્ય વર્ધન, સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ, પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન, ૪૫ લાખ ખેડૂતોને કિસાન સન્માન નિધિ, ૧૫ લાખ ખેડૂતોને સુક્ષ્મ સિંચાઈ યોજનાનો લાભ, સુજલામ સુફલામ જળ સંચય અભિયાનથી ૧૧૨૩ લાખ ઘનફૂટ વધુ જળ સંગ્રહ ક્ષમતા, આયુષ્યમાન કાર્ડ, ૩.૧૩ લાખ મહિલાઓનું સખી મંડળોમાં જોડાણ સહિતની વિકાસલક્ષી બાબતોનો ચિતાર મુખ્યમંત્રીશ્રીએ આપ્યો હતો.

આ દરમિયાન મુખ્ય સચિવ રાજ કુમાર અને પોલીસ મહાનિદેશક વિકાસ સહાય મુખ્યમંત્રીને પોડિયમ તરફ દોરી ગયા હતા. વાયુસેનાના હેલીકોપ્ટરે રાષ્ટ્રધ્વજ ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

## ન્યૂઝ બ્રિફ

### સુરતમાં એક તરફ ડોક્ટર્સ તો બીજી તરફ સફાઈ કર્મચારીઓ હડતાળ પર

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

ગુજરાતભરમાં કોલકતામાં દુષ્કર્મની ઘટનાના પગલે રેસીડેન્ટ તબીબો હડતાળ પર છે. ત્યારે સુરતમાં પણ એક તરફ તબીબો હડતાળ પર ઉતર્યા છે. તો બીજી તરફ નવી સિવિલ હોસ્પિટલના સફાઈ કર્મચારીઓ રસ્તા પર બેસીને વિરોધ પ્રદર્શ કરી રહ્યાં છે. જેના પગલે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. સફાઈ કર્મચારીઓ દ્વારા શિફ્ટ ડ્યુટી, યુનિફોર્મના પૈસા સહિતની વિવિધ માગને લઈને વિરોધ કરવામાં આવી રહ્યા છે. સફાઈ કર્મચારીના જણાવ્યા અનુસાર યુનિફોર્મના પૈસા કપાતા હોવા છતા યુનિફોર્મ આપતા ન હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સફાઈ કર્મચારીઓનું કહેવુ છે કે બ્રેક સમયમાં સુઇ રહેતા કર્મીઓને હેરાન કરતા હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે.

### અમદાવાદમાં પોલીસકર્મીએ ઓફિસમાં આત્મહત્યા કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદની પોલીસ કમિશનર કચેરીમાં ગાર્ડ તરીકે ફરજ બજાવતા પોલીસકર્મીએ જાતે જ ગોળી મારી આપઘાત કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. બે દિવસ પહેલાં જ આ પોલીસકર્મીને નવી પોલીસ કમિશનર કચેરીમાં ફરજ પર મુકવામાં આવ્યા હતા અને રાયલ તથા કારતૂસ આપવામાં આવ્યા હતા. આપઘાતના પગલે પોલીસબેડામાં આઘાતની લાગણી વ્યાપી જવા પામી છે. આ મામલે પોલીસ અકસ્માતનો ગુનો નોંધ કાર્યવાહી શરૂ કરી દીધી છે અને તપાસના આદેશ પણ આપ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ પોલીસ કમિશનર કચેરીમાં ગાર્ડ બજાવતા પોલીસકર્મી જિતેન્દ્ર વાજાએ જાતે જ ગોળી મારી આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. પોલીસ કોન્સ્ટેબલ જિતેન્દ્ર વાજાને બે દિવસ પહેલાં જ અમદાવાદની પોલીસ કમિશનર કચેરીમાં ગાર્ડ તરીકે ફરજ પર મુકવામાં આવ્યા હતા.

### કોલકતા કેસના ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાત

# સરકારી હોસ્પિટલોમાં OPD અને વોર્ડ સર્વિસ બંધ કરવામાં આવી

### ઘટનાને લઈને દેશભરમાં તબીબી આલમમાં રોષ વ્યાપ્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજમાં મહિલા ડૉક્ટર પર દુષ્કર્મ પછી હત્યાનો કેસ વધુ ગંભીર બન્યો છે. આ ઘટનાને લઈને દેશભરમાં તબીબી આલમમાં રોષ વ્યાપ્યો છે. ત્યારે આ ઘટનાના પ્રત્યાઘાત ગુજરાતમાં પણ પડ્યા છે. મૃતક ડૉક્ટરને ન્યાય મળે તે માટે રાજ્યની સરકારી હોસ્પિટલના ડૉક્ટર્સ અને રેસિડેન્ટ ડૉક્ટરોએ હડતાળ શરૂ કરી છે. જેને લઈને ૧૬મી ઓગસ્ટના રોજ OPD તથા અન્ય સર્વિસ બંધ રખાઈ હતી. જ્યારે ઈમરજન્સી સેવાઓ ચાલું રહી હતી. કોલકાતામાં ટ્રેઈની મહિલા ડૉક્ટર સાથે દુષ્કર્મ બાદ થયેલી હત્યાના વિરોધમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસની બી જે મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ પણ વિરોધ નોંધાવ્યો છે. આ ઘટનાના વિરોધમાં અને પીડિતાને ન્યાય મળે તેને લઈને ડોક્ટર્સ આજે કામકાજથી દૂર રહ્યા હતા. ઓપીડી સેવા બંધ રખાઈ હતી. સાથે જ ઈમરજન્સી સેવાને ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.વડોદરાની સયાજી હોસ્પિટલમાં ઈન્ટર્ન ડૉક્ટર, જુનિયર અને વરિષ્ઠ નિવાસી ડૉક્ટરો આજે OPD અને વોર્ડ સહિતની તમામ બિન ઈમરજન્સી સેવાઓથી દૂર રહ્યા હતા. આ સાથે જ ૪૦૦થી વધુ તબીબોએ વિરોધ કરી હડતાળ શરૂ કરી છે. એટલું જ નહીં જ્યાં સુધી પશ્ચિમ બંગાળ ડૉક્ટર્સ એસોશિએશનની તમામ માંગ પૂરી ના થાય ત્યાં સુધી વિરોધ અને હડતાળ ડૉક્ટર દ્વારા ચાલું રાખવામાં આવશે. સુરતની સિવિલ હોસ્પિટલમાં રેસિડન્ટ તબીબોની હડતાળથી ઓપીડી શરૂ થઈ નથી. કેટલીક ઓપીડી ચાલુ થઈ છે. જો કે, રેસિડેન્ટ ડોક્ટરો આવ્યા નથી. ડોક્ટરો આવે પછી ઓપીડી ચાલુ થશે તેવું જાણવા મળ્યું છે. ઓપીડી બહાર દર્દીઓની લાંબી લાઈન લાગી ગઈ છે. દર્દીઓ દૂર દૂરથી આવતા હોવાથી પરેશાન થયા છે. સિવિલ હોસ્પિટલમાં ૭૦૦થી ૮૦૦ જેટલા ફરજ બજાવતા ઈન્ટર્ન, રેસિડેન્ટ સહિતના તબીબો ઈમર્જન્સી સેવા સિવાયની સેવાઓથી દૂર રહ્યા છે. જ્યાં સુધી કડક કાર્યવાહી અને ન્યાય નહીં મળે ત્યા સુધી અચોક્કસ મુદત સુધી હડતાળ પર રહેશે.

### પોલીસે કુદરતી મોત થયાનો FIRમા ઉલ્લેખ કર્યો

# પશ્ચિમ બંગાળની ઘટનામાં મમતા સરકારની કાર્યવાહી નિંદનીય

### ભાજપે વિપક્ષના નેતા રાહુલ ગાંધી તથા મમતા બેનર્જી પર ગંભીર આક્ષેપ કર્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

પશ્ચિમ બંગાળમા મહિલા ડોકટર પર બળાત્કાર બાદ હત્યાના મુદ્દે આજે દેશ ભરના ડોક્ટરો હડતાળ પર ઉતર્યા છે અને સખત કાર્યવાહીની માંગ કરી રહ્યાં છે. ગુજરાતમાં પણ સિવિલ હોસ્પિટલોના ડોક્ટરોએ ફરજ પરથી અળગા રહીને વિરોધ નોંધાવ્યો છે. ત્યારે ભાજપ દ્વારા આ ઘટના અંગે નિવેદન આપવામાં આવ્યું છે.ભાજપે પ્રેસ કોન્ફરન્સમાં આ ઘટના સંદર્ભે કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળની સરકારે જે રીતે કાર્યવાહી કરી છે તે નિંદનીય છે. ભાજપે વિપક્ષના નેતા રાહુલ ગાંધી તથા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર ગંભીર આક્ષેપ કર્યા છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગોપાલ અગ્રવાલે જણાવ્યું કે, મહિલા ડોકટર સાથે બળાત્કારની ઘટના સંદર્ભે પશ્ચિમ બંગાળની સરકારે જે રીતે કાર્યવાહી કરી છે તે નિંદનીય છે. મહિલા ટ્રેની ડોકટર સાથે ઘટના પછી તેમના પરિવારજનોને ફોન કરી જણાવવામા આવે છે કે તમારી દિકરીએ આત્મહત્યા કરી છે. તેમના માતા-પિતા હોસ્પિટલ આવ્યા તો તેમને ત્રણ કલાક સુધી બેસાડી રાખવામા આવ્યા હતાં. ટ્રેની ડોકટર સાથે રેપ કરી હત્યા કરવાની ગંભીર ઘટનામા પશ્ચિમ બંગાળની પોલીસે કુદરતી મોત થયાનો FIRમા ઉલ્લેખ કર્યો છે. મહિલા ડોકટર સાથે આ ઘટના પછી દેશભરમા આક્રોશ જોવા મળ્યો અને કોલેજના પ્રિન્સિપાલે આ ઘટનાથી રાજીનામુ આપ્યુ અને બીજી હોસ્પિટલમા તેમને પ્રિન્સિપાલનો હોદ્દો આપવામા આવ્યો છે. આ ઘટનાના આરોપીઓને ટીમએસીના નેતાઓ અને સ્થાનિક પોલીસ સાથે સબંધ હોવાની વાત પણ બહાર આવી છે. ગોપાલ અગ્રવાલે વધુમાં કહ્યું હતું કે, મહિલા ડોકટર હોસ્પિટલના ત્રીજા માળે સેમિનાર હોલમા વાંચન કરવા ગઈ હતી. પરંતુ તે જ સ્થળે ડોકટર બેભાન અવસ્થામા જોવા મળી હતી. મહિલા ડોકટર સાથે રેપ કરી હત્યા કરવાની ઘટનામા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અપરાધીઓને કડક સજા થાય તે પ્રયાસ કરવાની જગ્યાએ રાજનીતિ કરી રહી છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂટણીની ભાજપની તૈયારીઓ શરૂ, સપ્ટેમ્બર ઓક્ટોબરમાં યોજાવાની શક્યતાઓ

। અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી બાકી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવામાં આવી નથી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ઉપરાંત અન્ય સ્થાનિક સંસ્થાઓમાં સભ્યોના રાજીનામાં કે મૃત્યુને કારણે ખાલી પડેલી બેઠકો પર ચૂંટણીઓ યોજાય તે દિશામાં રાજ્ય ચૂંટણી પંચે તૈયારીઓ શરૂ કરી છે.

આગામી ડિસેમ્બરમાં યોજવાની શક્યતાઓના પગલે ભારતીય જનતા પાર્ટી દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં ૫૩૦૦ જેટલી ગ્રામ પંચાયત, ૮૦ નગરપાલિકા, ખેડા અને બનાસકાંઠા જિલ્લાના બે જિલ્લા પંચાયતો, ૧૭ તાલુકા પંચાયતો અને ૫૩૯ નવી ગ્રામ પંચાયતો સહિત કુલ ૫૩૦૦ પંચાયતોમાં છેલ્લા બે વર્ષથી બાકી રહેલી ચૂંટણીઓ યોજવાની છે.

સંભવત એક બે મહિના પછી ચૂંટણીનું જાહેરનામું પડી શકે છે તેમજ ડિસેમ્બર મહિનામાં આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂરી કરી લેવાનું પણ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા વિચારવામાં આવી રહ્યું હોવાનું માનવામાં આવે છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ની તૈયારી ના ભાગરૂપે ભાજપ અને કોંગ્રેસ એમ બે મુખ્ય રાજકીય પક્ષોએ યાત્રાઓ અને સભા યોજીને ગ્રામ્ય વિસ્તારોમાં ડોર ટુ ડોર જન સંપર્કની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સપ્ટેમ્બરના અંત સુધીમાં તમામ જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવશે અને ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના જાહેરનામા પ્રસિદ્ધ કરીને ડિસેમ્બર મહિનામાં આ ચૂંટણીઓ યોજવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. રાજ્યમાં વિધાનસભા તરીકે ઓળખાતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં યોજવાની છે ૨૭% ઓબીસી અનામતની અમલવારી સાથે યોજનારી આ ચૂંટણી ઐતિહાસિક બની રહેશે ઓગસ્ટના મધ્ય ભાગમાં આ અંગેના જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવશે

ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો તેમજ ગ્રામ પંચાયતોમાં, શિડ્યુલ (અનુસૂચિત) વિસ્તારો અને પેસા એક્ટની જોગવાઈઓ લાગુ પડે છે તે સિવાયના વિસ્તારોમાં વોર્ડ બેઠક માટે અને હોદ્દાઓ પ્રમુખશ્રીઓ-સરપંચશ્રીઓ અન્ય પછાત વર્ગ (ઓ.બી.સી.) માટે ૨૭% અનામત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે બેઠકો હોદ્દાઓ ૫૦% ની મર્યાદામાં રાખવા માટે કમિટીની ભલામણ છે.

# વેદાંત પ્રિ-સ્કુલ ન્યુ મણીનગર અમદાવાદ ખાતે ૧૫મી ઓગષ્ટ નિમિત્તે રેલીનું આયોજન

### સ્કુલના તમામ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા





। અમદાવાદ, તા.૧૬ ।

વેદાંત પ્રિ-સ્કુલ ન્યુ મણીનગર અમદાવાદ ખાતે ૧૫મી ઓગષ્ટ નિમિત્તે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, આ રેલીમાં નાના વિદ્યાર્થીઓ શિક્ષકગણ સ્ટાફ સહિત અન્ય સ્થાનિક લોકો પણ જોડાયા હતા, અનિમેશ જૈન, પુનમબેન, જયાબેન અને વેદાંત પ્રિ સ્કુલના તમામ સ્ટાફે સ્થાનિક જગ્યાએ રેલી કાઢીને લોકોને મંત્ર મુગ્ધ કર્યા હતા.

# થરા શ્રી ઓગડ વિદ્યામંદિર ખાતે ૭૮મા સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરાઈ



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૬ ।


શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત થરા શ્રી ઓગડ વિદ્યા મંદિરમાં ૭૮મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે મંડળના ઉત્સાહી પ્રમુખશ્રી ધીરજભાઈ કે.શાહના હસ્તે ધ્વજવંદન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાના ધો.એકથી કોલેજ સુધીના વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા સુંદર દેશભક્તિ ના કાર્યક્રમની રજૂઆતો કરવામાં આવી હતી. આ પ્રસંગે ધીરજ ભાઈ કે.શાહે પોતાના પ્રવચનમાં દેશપ્રેમ રાષ્ટ્ર ભાવના વિકસાવી દરેક વ્યક્તિ દેશ હિતમાં કામ કરે અને આપણો દેશ સમગ્ર વિશ્વમાં સૌથી શક્તિ શાળી બની વિશ્વગુરુ બને તેવી નેમ વ્યક્ત કર્યુ હતું. આ ધ્વજ વંદન કાર્યક્રમમાં શાળાના મંત્રી જીતુભાઈ શાહ, ચીનુભાઈ ગુજારીયા, ચંદ્રસિંહજી વી.વાઘેલા મયંકભાઈ ઝવેરી, દલપતભાઈ શાહ, કે.સી. શાહ, રાજેશભાઈ સોની, ડૉ.મંગળભાઈ મહેતા, ભૂપેન્દ્રભાઈ શાહ, અજીતભાઈ શાહ, ગણેશભાઈ દેસાઈ, પાલીકા સભ્ય ગીરાબેન શાહ, યશપાલસિંહ ટી.વાઘેલા વિક્રમસિંહ વાઘેલા મહેન્દ્ર સિંહ વાઘેલા, કે.સી.શાહ, કે.એલ. શાહ ડો. હેમરાજ ભાઈ પટેલ, શાળાના આચાર્ય ડૉ.હિમાંશુ ભાઈ શાહ, ગીરાબેન ઠક્કર, અંજુબેન કોલેજ આચાર્ય ડો. દિનેશ ભાઈ ચારણ, મલાભાઈ દેસાઈ, દિનેશ ભાઈ પાયોનીયાર, સુરેશ ભાઈ ત્રિવેદી સમકીતભાઈ શાહ અમરતજી ઠાકોર તથા મંડળ સંચાલીત શૈક્ષણિક સંસ્થાઓના આચાર્ય સમગ્ર શિક્ષકગણ વહીવટીગણ અને શાળાના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ધ્વજવંદન સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ શ્રી ઓગડ વિદ્યા મંદિરમાં કેન્ટિન-પાણીની પરબનું ખાત મુહુર્ત અને કન્યા વિદ્યાલયમાંસ્માર્ટ ક્લાસ રૂમનું ઉદ્ઘાટન કરવામાં આવેલ. સમગ્ર ધ્વજવંદન કાર્યક્રમ નું સંચાલન બી.ડી.પટેલે કર્યું હતું.

# ઝાલોદ તાલુકાની આંગણવાડી બહેનો દ્વારા ૫૪૭ રાખડીઓ દેશની રક્ષા કરતા સૈનિકો માટે મોકલાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

દાહોદ જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ચાલતી આંગણવાડી કેન્દ્રોમાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ તેમજ ઝાલોદના સી.ડી.પી.ઓ. શ્રી નીલુબેન માછીના માર્ગદર્શન હેઠળ ઝાલોદ તાલુકાની તમામ આંગણવાડી કેન્દ્રોમાંથી કેન્દ્ર દીઠ એક રાખડી એમ ૫૪૭ રાખડીઓ દેશ ની રક્ષા કરતા સૈનિકો માટે મોકલવામાં આવી છે.

આઈસીડીએસ ઝાલોદ ઘટક-૧-૨-૩ આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા રક્ષાબંધન પર્વ આવી રહ્યો છે ત્યારે સૌ ભાઈ બહેનમાં ઉત્સાહ અને ઉમંગ જોવાય રહ્યો છે,પરંતુ કોઈ બહેનના ભાઈ જે દેશની સેવા કરી રહ્યા છે અને રક્ષાબંધનનો તહેવાર પોતાની બહેન સાથે ઉજવી શકે તેમ નથી તેવા




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આપણા દેશના સૈનિક ભાઈઓ પણ આ રક્ષાબંધન તહેવારમાં ભાઈને બેનનો પ્રેમ રાખડી સ્વરૂપે મળે તે માટે રક્ષાબંધન પર્વની ઉજવણીના ભાગરૂપે ૨૧ સેજાના આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા કેન્દ્રદીઠ એક રાખડી કુલ ૫૪૭ રાખડી દેશની રક્ષા કરતા હંમેશા માટે પોતાના પરિવાર અને ભાઈબહેન દૂર રહેતા અને દેશની નિઃસ્વાર્થભાવે સેવા કરતા સૈનિક ભાઈઓ માટે મોકલવા માટે મહિલા અને બાળ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર ખાતે કુરિયર દ્વારા મોકલવામાં આવી છે.

દેશના સીમાડાઓની રક્ષા કરતા સૈનિક ભાઈઓ દિવસ રાત દેશની સેવા કરીને આપણને સુરક્ષિત અને હસતા રહેવા માટે ખડેપગે ફરજ નિભાવી રહ્યા છે. માં ભારતીની રક્ષા કરે છે પ્રભુ તેઓને હજી પણ મા ભારતીની સેવા કરવા માટે તાકાત આપે એવી શુભકામના સાથે સૈનિક ભાઈને અમે નમન કરીએ છીએ. આમ ભારતીય જવાનોને રક્ષાબંધનના શુભ અવસર પર અમારી શુભેચ્છાઓ મોકલી રહ્યા છીએ તમે અમારા ભાઈઓ જેવા છો અને અમને સુરક્ષિત રાખવા બદલ આપનો ખુબ ખુબ આભાર.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨